પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૧૧/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ કારતક વદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૨૮૪


**સુવિચાર**

''જીવન જીવવા માટે બે શકિતઓ આવશ્યક છે. એક સહનશકિત અને બીજી સમજશકિત.''


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## નેટકનેકિટવિટીનાં અભાવે ખેડૂતો રાત ઉજાગરા કરવા મજબૂર

# હે રામ : રાત્રિનાં સમયે ખેડૂતો સહાયનાં ફોર્મ ભરવા મજબૂર

**સાવરકુંડલાનાં ભેંકરા ગામે કડકડતી ઠંડીમાં તાપણા કરીને ખેડૂતો ઓનલાઈન ફોર્મ ભરવાની રાહમાં**

**ગ્રામ પંચાયતનાં કર્મચારી રાત્રિનાં સમયે ખેડૂતોનાં ફોર્મ સ્વીકારીને ઓનલાઈન કામગીરી કરે છે**

**એ.આઈ. ટેકનોલોજીનો યુગ શરૂ થયો છતાં ગ્રામ્ય વિસ્તારમાં કનેકિટવિટીનો અભાવ**

**જગતાત ગણાતા ખેડૂતો માટે કોઈ કામ સરળતાથી પૂર્ણ થતું નથી તે હકીકત છે**



અમરેલી, તા. ૧૭

તાજેતરમાં કમોસમી વરસાદનાંકારણેખેડૂતોનેથયેલાનુકસાન અંગેખેડૂતોમાટેસરકારેરાહતપેકેજતો જાહેર કર્યું છે પણ આ રાહત પેકેજ મેળવવાં માટે થઈ ઓન લાઈન ફાર્મ ભરવાનું હોય. ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ મોબાઈલ ફોનનું કવરેજ મળતુંનાહોયત્યારેઈન્ટરનેટનીવાતકયાં કરવી ? ગામડામાં આજે ડિઝિટલ ઈન્ડિયાનોપડછાયોપણનાપડતોહોય, કોઈઈન્ટરનેટનીસુવિધામળતીનાહોય ત્યારે ખેડૂતોને સરકાર દ્વારા જાહેર કરવામાંઆવેલરાહતમેળવવાંમાટેપણ રાતઉજાગરા કરવાં પડી રહ્યાં છે.

કમોસમીમાવઠાનામારથી સરકારદ્વારાનુકસાનીસહાયજાહેરબાદ તંત્ર કામે વળગ્યું છે. નેટ કનેકિટવિટીના અભાવેગામડાઓમાંદિવસેસર્વર ડાઉન રહેછેજેનેલઈઆખાદિવસમાંમાંડમાંડ ૩–૪ ફોર્મ ભરાતા હોય. ત્યારે રાત્રિના સમયેગ્રામપંચાયતઓફિસખોલીનેપણ ખેડૂતોના સહાય ફોર્મ ભરવાની કામગીરીઓચાલુરાખવામાંઆવેલછે. ત્યારેશિયાળાનીકડકડતીઠંડીમાંરાત્રીનાં સમયે પણ ખેડૂતોના સહાય ફોર્મ ભરાઈ રહ્યા છે.

સાવરકુંડલા તાલુકાના ગીરનાજંગલનીબોર્ડરનેઅડીનેઆવેલ ભેંકરાગામમાંદિવસેસર્વરડાઉનરહેતું હોય જેનાથી ખેડૂતો સહાયનું એક ફોર્મ ભરવામાં ૧૫ મિનિટ થાય છે અને તેમાં પણ કયારેક અચાનક સર્વર ડાઉન થતા


અનુસંધાન પાના ૬ ઉપર



હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

વેચવાનું છે... વેચવાનું છે... વેચવાનું છે...
ફર્નિચર... શૂટ... શેરવાની..
★ કાચના ટોપવાળા કાઉન્ટર-૨,
★ કાચના સેલ્ફવાળા ઘોડા-૨ ★ કાઉન્ટર થડા માટેના ટેબલ-૨
★ શૂટ-શેરવાની પેર-૫૦ ઉપરોકત તમામ વસ્તુઓ વ્યાજબી ભાવથી વેચવાની છે..
મહેતા કોમ્પ્યુટર
બાલાજી કોમ્પ્લેક્ષ, I.C.I.C બેંક પાસે, ભાવનગર રોડ, મુ.બાબરા, જિ.અમરેલી
મો.94275 55038 / 79842 11477


## હત્યા, આત્મહત્યા કે આકસ્મિક મોત તેવા રહસ્ય વચ્ચે

# બગસરાનાં બસ સ્ટેન્ડ નજીકથી શંકાસ્પદ હાલતમાં યુવકનો મૃતદેહ મળી આવતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ

**પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ માટે રવાના કર્યો**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૭

બગસરા મોટા બસ સ્ટેશન નજીકજએકયુવકનોશંકાસ્પદહાલતમાં મૃતદેહ મળી આવતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે લાશનો કબ્જો લઈ મૃત્યુનું કારણ જાણવા માટે લાશને એફએસએલ માટે ભાવનગર મોકલી આપી છે. ત્યાંથી રીપોર્ટ આવ્યા પછી આકસ્મિક મોત છે કે હત્યા તેની ખબર પડશે. બગસરાના મોટા બસ સ્ટેશન નજીક જ ધીરૂ મોહનભાઈ ખીમસુરીયા (ઉ.વ. ૩૧)નો મૃતદેહ પડયોહોવાનીપોલીસનેજાણકરવામાં આવી હતી. જેથી પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈહતી અને લાશને સૌપ્રથમ બગસરાસિવિલહોસ્પિટલખસેડવામાં આવી હતી. જો કે મોઢા પર ઈજાના નિશાનઅનેનાકમાંથીઅનેમોઢામાંથી લોહી નિકળતુ હોવાથી પોલીસે તાત્કાલિકમોતનુંકારણજાણવાલાશને ભાવનગર એફએસએલમાં મોકલી આપીછે. હાલતોપોલીસેમોતનીએડી દાખલકરીતપાસનોધમધમાટશરૂકર્યો છે. હત્યાનુંકારણજાણવામાટેઅમરેલી એલસીબી પણ બગસરા દોડી આવી હતીઅનેજેજગ્યાએથીયુવકનોમૃતદેહ મળ્યો તેની આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. યુવકનું મોત કઈ રીતે થયુ તેનો ભાવનગર એફએસએલ રીપોર્ટ આવ્યા બાદ જ ખબર પડશે. હાલ તો યુવકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામી છે.


स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું 100% શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડિકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ), રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM/ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ), રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨, રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
હોસ્પિટલ naarihospitalamreli@gmail.com

ADMISSION OPEN
NETRA CHIKITSA TRUST SCHOOL OF NURSING AMRELI
• GNM NURSING
• ANM NURSING
Open Registration 2025-2026
સરકારી નોકરીમાં ઉજ્જવળ તક આપતા કોર્ષ
સુવિધા
SC/ST ના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપની સુવિધા
હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
સ્થળ
NCT કેમ્પસ, ગોળ હોસ્પિટલ, મિસ્ત્રલ રોડ, અમરેલી
વધુ માહિતી માટે સંપર્ક કરો
૭૯૮૪૬૯૧૨૨૭
સમય : ૯ થી ૫

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. 10,000 કે તેથી વધુ સોના-ચાંદીનાદાગીનાની ખરીદી કરો અને મેળવોલાખોની ઈનામો જીતવાની તક...
તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
63 56 56 00 00
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
MO.96018 98981

## યુવા ધારાસભ્ય અને રાજયમંત્રી કૌશિક વેકરિયા વિકાસ કાર્યોમાં વ્યસ્ત બન્યા

# ભૈ વાહ : અમરેલી પંથકમાં રૂપિયા ૮૦ કરોડથી વધુનાં વિકાસ કાર્યોનો ધમધમાટ

**પીપળલગ ખાતે આંકડીયા માર્ગનાં નવા વિકાસ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ**

**મોટા આંકડીયા ખાતે અનુ.જાતિ વિસ્તારને જોડતા માર્ગ ઉપર ૪૦ લાખનાં ખર્ચે સ્ટ્રકચરની કામગીરી શરૂ**

**નાના આંકડીયાથી ચિતલ રોડ માટે રૂપિયા ૪૧ કરોડ મંજુર થતાં કામગીરી શરૂ**

**સમગ્ર મત વિસ્તારની જનતાની સુવિધા વધારવા માટે ભારે દોડધામ**








અમરેલી, તા. ૧૭

આજરોજ જિલ્લાના મોટી કુંકાવાવ, અમરેલી તાલુકા અંતર્ગત આવતા વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકામોનીહારમાળા સર્જાઈ હતી. રાજય સરકારના ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ્‌હસ્તે જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાંઅંદાજેકુલરૂા. ૮૦કરોડથી વધુની રકમના વિવિધ નવીન વિકાસકામોનુંખાતમુહૂર્તઅનેલોકાર્પણ કરવામાંઆવ્યુંહતું.

અમરેલીનાપીપળલગખાતે આંકડિયા–પીપળલગ રોડ સ્ટ્રકચરના નવા વિકાસકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુંહતું. ઉપરાંતમોટાઆંકડિયાખાતે અનુસૂચિત જાતિ વિસ્તારને જોડતા રોડ પર રૂા. ૪૦ લાખના ખર્ચે સ્ટ્રકચર કામગીરીનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

રાજયમંત્રીએ અંદાજે રૂા. ૪૧ કરોડના ખર્ચે અમરેલી–નાના આંકડીયા–ચિતલ રોડના વાઈડનીંગ, સ્ટ્રેન્ધનીંગ કામગીરીનું ખાતમુહૂર્ત કર્યુ હતું. જેમાંહયાતરોડને૭મીટર પહોળો કરવાની કામગીરી, સીસી રોડની કામગીરી સમાવિષ્ટ છે. આ કામગીરી બનતીત્વરાએમાર્ગઅનેમકાનવિભાગ રાજય દ્વારા શરૂ કરીને પૂર્ણ કરવામાં આવશે.

રાજયમંત્રીએ અમરેલી–નાના આંકડીયા–ચિતલ રોડ પર માઈનોર બ્રીજની કન્સ્ટ્રકશન કામગીરીનું ખાતમુહૂર્ત કર્યુ હતું. માર્ગ અનેમકાનવિભાગરાજયદ્વારાઅંદાજે રૂા. ૪.૫કરોડનાખર્ચેમાઈનોરબ્રીજની કામગીરીનો શુભારંભ કરવામાં આવશે. ઉપરાંતરાજયમંત્રીએ અમરેલીના પ્રતાપપરા મુકામે એપ્રોચ રોડનાવિકાસકામનુંપણખાતમુહૂર્તકર્યુ હતું.

ઉલ્લેખનીયછેકે, રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ચિતલ–રાંઢિયા–લુણીધારવચ્ચેઅંદાજેરૂા. ૩૬ કરોડના ખર્ચે નવો સી.સી. રોડ બનશે. જેમાં હયાત રોડ ૭ મીટર પહોળો કરવામાં આવશે, જેનું ખાતમુહૂર્ત કરવામાંઆવ્યુંહતું.

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, જિલ્લામાં વિકાસકામોની યાત્રા અવિરત શરૂ છે. વિવિધસીસીરોડસહિતનાવિકાસકામો ગુણવત્તાલક્ષીરીતેસમયસર પૂર્ણથાય તે માટે રાજયમંત્રીએ સંબંધિત અધિકારીઓને સ્થળ પર સૂચનાઓ આપીહતી.

---

**દોસ્ત, દોસ્ત ના રહા જેવી ઘટના બની**

## અમરેલીમાં એક મિત્રએ જ મિત્રની પત્ની સાથે દુષ્કર્મ કરતાં ફરિયાદ

**લાલાવદરનાં ઈસમ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૧૭

અમરેલી તાલુકાનાં લાલાવદર ગામે રહેતાં આરોપી દેવરાજભાઈ ભવાનભાઈ માધડ નામનાં ઈસમેતેમનીસાથે કામ કરતાંસહકર્મીના પત્નિને મોબાઈલ નંબર મેળવી તેણીને વાતો કરવા દબાણ કરી અને આરોપી સાથેવાતો ના કરેતો તેણીના પતિનેસરખી રીતે જોબ નહિ કરવા દઈ તેમજ હેરાન કરવાનુંકહીતેણીનેતેમનીસાથેવાતોકરવા માટેદબાણકરેલઅનેતેણીનાપતિએઆ ખાનગી હોસ્પિટલમાંથી પૈસાનો ઉપાડ કરેલહોયજેઆરોપીનેખબરહોય. જેથી આરોપીતેણીનાઘરે ગેરકાયદેપ્રવેશકરી તેણી પાસે ઉપાડ કરેલ પૈસા માંગેલ હતાં અનેતેણીનાપાડતાઆરોપીએતેણીસાથે બળજબરીકરીદુષ્કર્મકરેલ. બાદતેણીના તેમના પતિએ કરેલ ઉપાડના રૂપિયા ૩૭,૦૦૦આરોપીએબળજબરીપુર્વક રૂપિયાકઢાવીલીધાનીપોલીસમાંફરિયાદ નોંધાવી છે.

---

**એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી**

## જાફરાબાદનાં લોઠપુર ગામે થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી આરોપીઓને ઝડપી લેવાયા

**૪ આરોપી પાસેથી રૂા. ૩.૮ લાખનો મુદ્દામાલ કબ્જે**



અમરેલી, તા. ૧૭

જાફરાબાદ તાલુકાનાં લોઠપુરગામેથયેલઘરફોડચોરીનોભેદ ઉકેલીવાહનસહિતકુલરૂપિયા ૩,૦૮ ,૦૦૦નામુદ્દામાલસાથે ચાર ઈસમોને ઝડપી પાડતી અમરેલી એલ.સી.બી. પોલીસ ટીમ જાફરાબાદ તાલુકાનાં લોઠપુર ગામે આજથી આશરે વીસેક દિવસ પહેલા રાત્રીના સમયે આશરે બે વાગ્યાના અરસામાં લોઠપુર ગામે એક ફોરવ્હીલ સાથે ચાર અજાણ્યા ઈસમો આવેલા અને ત્યાં આવેલ એક ઓરડીનું તાળુતોડીમગફળીનાપાકનીઆશરે ૩૦ ગુણીની ચોરી કરી જતા રહેલ હોવાની પોલીસમાંફરિયાદ નોંધાયહતી.

અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓનેશોધીકાઢી, તેમનાવિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલીપોલીસઅધિક્ષકસંજયખરાત દ્વારાઅમરેલીએલ.સી.બી.ટીમનેજરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હોય, અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ.કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ મિલકત સબંધી આરોપીનીસઘનતપાસદરમ્યાનમળેલ બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે રાજુલાતાલુકાનાંબર્બટાણાગામેઆવેલ પ્રાથમીક શાળાની સામે રહેતાં આરોપી રાહુલભાઈ ઉર્ફેગઢીયોપાંચાભાઈવાઘેલા તથા મુળ જાફરાબાદ તાલુકાનાં લોઠપુર, શ્યામવાડીમાંરહેતાંઅનેહાલ પોરબંદર, ખાતેઆવેલસીલ્વરસ્ટારકંપનીમાંરહેતાં મુનાભાઈ કનુભાઈ પરમાર, જાફરાબાદ તાલુકાનાં લોઠપુર, શ્યામવાડીમાં રહેતાં સાગરભાઈ રામભાઈ પરમાર તથા ગોપાલભાઈ રામભાઈ પરમાર નામનાં ચાર જેટલાં શંકમદ ઈસમોને મગફળી ૮ મણ જેની કિંમત રૂપિયા ૮,૦૦૦, એક ફોરવ્હીલ કાર નં. જી.જે. – ૨૭ ટીટી–૩૦૩૩ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૦૮,૦૦૦ ના મુદ્દામાલસાથે ઝડપી પાડેલહતાં.

ઝડપાયેલચારેય ઈસમોની સઘન પુછપરછ કરતા આરોપીઓએ જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે મગફળીના પાકની ચોરીના ગુનાની કબુલાત આપેલહતી. આમ જાફરાબાદ તાલુકાનાં લોઠપુર ગામે થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ હતી.

---

**કપાસ, મગફળીનુ વાવેતર છોડીને નશાકારક પદાર્થનું વાવેતર કર્યુ**

## લાઠીનાં જોગાણી–કેરાળા ગામે આવેલ નવા પ્લોટ વિસ્તારમાં રહેતાં પૌઢે ગાંજાનુ વાવેતર કર્યુ

**૧૫૫ કિલોનાં જથ્થા સાથે રૂપિયા ૭૭.૯૩ લાખનો મુદ્દામાલ ઝડપાયો**





અમરેલી, તા. ૧૭

લાઠી તાલુકાના જોગાણી–કેરાળા ગામે આવેલ નવા પ્લોટ વિસ્તારમાં રહેતાં છનાભાઈ હરીભાઈ પંચાલા નામનાં ૫૦ વર્ષીય આધેડે ગેરકાયદે રીતે પોતે ભાગીયા તરીકે રાખેલ વાડી ખેતરમાં લીલા ગાંજાના છોડનું વાવેતર કરેલહોય, જે લીલા ગાંજાના મુળ માટીસાથેના છોડ નંગ–૪૮ જેનુંકુલવજન–૧૫૫કિલો ૮૬૫ગ્રામ કિમતરૂા. ૭૭,૯૩,૨૫૦ ના મુદ્દામાલ સાથે ગત તા. ૧૫ નારોજ ૮/૩૦ લાઠી તાલુકાના કેરાળા ગામે હસમુખા હનુમાન મંદિર પાસે કેહુરભાઈ ઉર્ફે બાબુભાઈ (મીલેટ્રી વાળા)ના ખેતરમાંથી અમરેલી એસ.ઓ.જી.એ. આરોપી છનાભાઈ હરીભાઈ પંચાલાઝડપીલઈ પૂછપરછ હાથ ધરીહતી.

પૂછપરછ દરમિયાન તેમણે જણાવેલ હતું કે, પોતે ભાગીયા તરીકેરાખેલવાડીખેતર લીલાગાંજાના છોડના ખાતે વાવેતર કરેલ હતું. પોતે વધુમાં જણાવેલ કે પોતે આશરે ત્રણેક વર્ષ પહેલા આ દેહુરભાઈ ઉર્ફે બાબુભાઈ કાળુભાઈ ડેરની માલીકીની વાડી ખેતર ભાગીયા તરીકે કપાસના વાવેતર કરવા અર્થે રાખેલ હતી. અને શિવરાત્રીમાં જુનાગઢ ખાતે જઈ એક સંત પાસેથી ગાંજાના બિયારણ મેળવી આ વાડી ખેતરમાં વાવેતર કરેલ કપાસની આડમાં આશરે ૪૮ જેટલા નાના મોટા લીલા ગાંજાના છોડ વાવેલ હતા.

---

## બાબરાનાં ઈશ્વરીયા ગામે જુગાર રમતાં ૭ પત્તાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા. ૧૭

બાબરા ગામે રહેતાંઅરવિંદ અરજણધોળકીયા, પ્રશાતમનસુખભાઈ ભડીયાદરા, કુણાલ અમુતભાઈ કાનાણી, વાસીમ આલમભાઈ પઠાણ, ઈકબાલ ઉમરભાઈ શેખ, રેનિશ બાલુભાઈ ગુમાસણા તથા લાલા ભગવાન વાઘેલા (શ્રવણ રહે. અમરાપરા) નામના સાતેય ઈસમો બાબરા તાલુકાના ઈરીયા ગામે ભાવેશ ખોડાભાઈ મકવાણાની ઈરીયા ગામે આવેલ વાડી ખેતરના પાછળના ભાગે આવેલ વોકળામાં ખુલ્લી જગ્યામાં તા. ૧૬ના રોજ સાંજે ૪ઃ૩૦ વાગ્યે પૈસાવડે હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. બાબરા પોલીસે બાતમીનાંઆધારે દરોડો પાડી રોકડ રકમ રૂા. ૬૩,૬૬૦ સાથે ૬ આરોપીને ઝડપી લીધાં હતાં. જયારે ૧ આરોપી નાસી જતા તેમની શોધખોળ આદરી છે.

---

**અલગ–અલગ એકાઉન્ટમાં ૫.૨૧ લાખ ટ્રાન્સફર કરી**

## અમરેલીનાં સર્જક સ્કીન આર્ટ નામની દુકાનનાં કર્મચારીએ કર્યો વિશ્વાસઘાત

**સરંભડાનાં ચિરાગ વીરડીયા વિરૂધ્ધ ફરિયાદ**

અમરેલી, તા. ૧૭

અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ રોકડીયા પરા, એન્જલ રેસી.માંરહેતાંઅનેપ્રિન્ટિંગપ્રેસનોધંધો કરતાં ઘનશ્યામભાઈ મગનભાઈ હીરપરા નામનાં વેપારીની અમરેલીનાં મોટા બસ સ્ટેન્ડ સામે આવેલ વ્હાઈટ હાઉસમાંસર્જકસ્કીનઆર્ટ નામની દુકાને કોમ્પ્યુટર કામ કરતા અમરેલી તાલુકાનાં સરંભડા ગામે રહેતાં આરોપી ચિરાગ રાજેશભાઈ વીરડીયાએ વેપારીનાં ખાતામાંથી વેપારીની જાણ બહાર ગત તા. ૧૯/૧૦ના સાંજે ૬ વાગ્યાના સમયે દુકાનમાંરહેલમોબાઈલમાંથીબીજાના અલગઅલગ એકાઉન્ટમાં કટકે કટકે રૂપિયા ૫,૨૧,૦૭૪ ટ્રાન્સફર કરીલઈ છેતરપીંડી તથા વિસઘાત કર્યાની પોલીસમાંફરિયાદ નોંધાઈ છે.

# અમરેલીમાં જ્ઞાનપિપાસાનુ ઘર એટલે વર્ષ ૧૮૮૬થી કાર્યરત સરકારી જિલ્લા પુસ્તકાલય







મહારાજા ગાયકવાડના શાસનકાળ દરમિયાન વર્ષ ૧૮૮૬માં એટલેકે, ૧૩૯વર્ષ પહેલાં સ્થાપવામાં આવેલું આ પુસ્તકાલય આજે પણ અમરેલી શહેરના નાગરિકોની જ્ઞાનપિપાસાને સંતોષી રહ્યું છે, આ સરકારી જિલ્લા પુસ્તકાલયમાં ધર્મ, વિજ્ઞાન, સાહિત્ય, મહાપુરૂષોના જીવન ચરિત્ર, સ્પર્ધાત્મક પરીક્ષા સહિતના વિષયોના ૪૦ હજારથી વધુ પુસ્તકોથી સમૃદ્ધ છે. સરકારી જિલ્લા પુસ્તકાલયના ગ્રંથપાલ અલ્પેશ નકુમે જણાવેલ છેકે, ગુજરાતસરકારદ્વારાવર્ષ ૨૦૧૦માં રિડેવલ્પ્ડ થયેલું આ પુસ્તકાલય ફ્રી વાઈફાઈ, સીસીટીવી કેમેરા, વિદ્યાર્થી ભાઈઓ–બહેનો અને સિનિયર સિટીઝન માટે બેઠક વ્યવસ્થા, પીવાના ઠંડા પાણી સહિતની અદ્યતન સુવિધાઓથીસજજ છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં કુલ ૭૦ હજારથી વધુ પુસ્તકોથી સમૃદ્ધ આ લાઈબ્રેરીમાં ૬૦થી વધુ સામયિકો અને ૧૫થી વધુ દૈનિકઅખબારો નાગરિકોને વાંચવા મળે છે. આ પુસ્તકાલયમાં ૭૨૦૦ જેટલા સભ્યો નોંધાયેલા છે. બાળકો માટે બાળ સાહિત્ય અને અમરેલી જિલ્લાના સપૂત એવા ઝવેરચંદ મેઘાણી દ્વારા રચિત સાહિત્યના પુસ્તકો માટે એક અલગથી ઝવેરચંદ મેઘાણી કોર્નર પણ રાખવામાં આવ્યુંછે. તેમણેકહ્યુહતુંકે, દરવર્ષેનવીન પુસ્તકોખરીદવા માટેરાજયસરકારદ્વારા અનુદાનઆપવામાંઆવેછે. વાચકોમાટે પણજરૂરીસુવિધાઓવધારવામાંઆવી રહી છે. ઉલ્લેખનીય છે કે, આ પુસ્તકાલયમાં વાંચન કરતા કેટલાય વિદ્યાર્થીઓ વર્ગ ૧–૨ સહિતનીસરકારી સેવામાં જોડાયા છે. અહીં યુપીએસસી–જીપીએસસી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરવા માટે આશરે ૧,૦૦૦થી વધુ પુસ્તકો ઉપલબ્ધ છે, જેનો વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ લાભ મેળવી રહ્યા છે. છેલ્લા દશેક વર્ષથી સરકારી જિલ્લા પુસ્તકાલયમાં લગભગ નિઃશુલ્ક કહી શકાય તેવી નહિવત ફી ચૂકવવાની હોયછે. પરંતુ અહીં જે પુસ્તકો અને તેને વાંચવાનીતક મળી રહે છે તેઅમૂલ્યછે. વાચકોને આ પુસ્તકાલયમાંથી તેમની પસંદગીના લગભગ દરેક વિષયના પુસ્તકો મળી રહે છે. રાજયના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાએ પણ અનેક વખત આ પુસ્તકાલયમાં મુલાકાત લીધી છે. ઉપરાંત અમરેલીના અનેક રાજકીય મહાનુભાવો, ઉદ્યોગપતિઓ સનદી અધિકારીઓ પણ પુસ્તકાલયની

## અમરેલી : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા F.Y.B.ed. તાલીમાર્થીઓને કૃષિ વિશે તાલીમ આપવામાં આવી

અમરેલી, તા. ૧૭

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા તા.૧૪/૧૧/૨૦૨૫ નાં રોજ F.Y.B.ed. વિદ્યાર્થીઓનેતાલીમ આપવામાં આવી. જેમાં કેવીકેનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષી કે. બારીયા, ડો. નેહા તિવારી, કેવીકે વિષય નિષ્ણાંત (ગુહ વિજ્ઞાન), ડો. શ્વેતા એ. પટેલ, કેવીકેવિષયનિષ્ણાંત (સશ્ય વિજ્ઞાન), તથા જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના અધિકારીલેખાબેન અને ૩૫ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. આ તાલીમનો હેતુ વિદ્યાર્થીઓને કૃષિ સબંધિત વિશેષ માર્ગદર્શન તથા હાલના સમયમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ જાણવાનો હતો. ડો. મીનાક્ષી કે. બારીયા દ્વારા કેવીકેની કામગીરી વિશે તથા પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને જમીન અને પાણીના પૃથ્થકરણ માટે નમુનો કેવી રીતે લેવો એ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. ડો. નેહા તિવારી, કેવીકે વિષય નિષ્ણાંત (ગુહ વિજ્ઞાન), દ્વારા વિદ્યાર્થીઓને અમરેલી જીલ્લાના પ્રગતીશીલ ખેડૂતો વિશે તથા મિલેટસ પાકો કેમ ભોજનમાં ઉમેરવા જોઈએ એ વિશે ચર્ચા કરી. ડો. શ્વેતા એ. પટેલ, કેવીકે વિષય નિષ્ણાંત (સશ્ય વિજ્ઞાન) દ્વારા આજના સમયમાં ખેતીમાં ખર્ચ કેમ વધી રહ્યું છે તથા પ્રાકૃતિક ખેતીનાં આયામો વિશે વિદ્યાર્થીઓને જણાવ્યું, ત્યારબાદ કેવીકે ફાર્મની મુલાકાત કરાવી પ્રાકૃતિક ખેતીમાં ઉપયોગી ઈનપુટસ બનાવવાની પધ્ધતિ શીખવી અને તેના ફાયદાઓ વિષે માહિતી આપી. છેલ્લે વિદ્યાર્થીઓના પ્રતિભાવ જાણી લેખાબેન દ્વારા આભારવિધિ કરી આ તાલીમ પૂર્ણ કરવામાં આવી.



## સાવરકુંડલામાં ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૫મું જ્ઞાનસત્ર યોજાશે

સાવરકુંડલા, તા. ૧૭

ગુજરાત સાહિત્ય પરિષદનું ૩૫મી જ્ઞાનસત્ર વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સાવરકુંડલાનાં યજમાનપદ તા. ૧૯, ૨૦, ૨૧ ડિસેમ્બરે યોજાશે જેમાં તા. ૧૯મીએ સવારે ૧૦:૩૦નાં ઉદ્દ્ઘાટન, આવકાર, સંસ્થા પરિચય, પ્રવૃતિ અહેવાલ અને પ્રાસંગીક પ્રવચનો બપોરે પ્રથમ બેઠકમાં સાહિત્યસ્વરૂપ નિબંધ, બીજી બેઠકમાં સર્જક વિશેષ કાર્યક્રમમાં રઘુવીર ચૌધરી, ઉદયન ઠાકર, મીનલ દવે, ગુલમહમદ શેખ, ભારી રાણે, મહેન્દ્રસિંહ પરમાર, મયુર ખાવડુ, સંધ્યા ભટ્ટ અને હરેશ મહેતા, પ્રવણ પંડ્યા, સમીર ભટ્ટ, રઘુવીર ચૌધરી, રતિલાલ બોરીસાગર, પુજય મોરારિબાપુ, હર્ષદ ત્રિવેદી, રાજન ભટ્ટ સહિત ઉપસ્થિત રહેશે. તા.૨૦ શનિવારે સાહિત્યનું સરવૈયુમાં પીનાકીની પંડ્યા, શકિતસિંહ પરમાર, હિતેષ પંડ્યા, રમણીક અગ્રાવત, મનહર શુકલ, સંજય ચૌધરી અને બપોરે જુની રંગભુમીનાં ગીતોની પ્રસ્તુતી ઉત્કર્ષ મજમુદાર અને હેતલ મોદી કરશે. તા. ૨૧ રવિવારે સવારે મધ્યસ્થ સમિતિની બેઠક અને સર્જક વિશેષ કાર્યક્રમમાં મનસુખ સલ્લા, ઉર્વિશ કોઠારી, કેસર મકવાણા, વિવેક ટેલર, ભીખેશ ભટ્ટ ઉપસ્થિત રહેશે. એજ દિવસે સામાન્ય સભા અને સમાપન બેઠક યોજાશે. જેમાં હર્ષ બ્રહ્મભટ્ટ, હર્ષદ પટેલ, હર્ષદ ત્રિવેદી, સમીર ભટ્ટ સહિત ઉપસ્થિત રહેશે તેમ ગુજરાત સાહિત્ય પરિષદનાં મહામંત્રી સમીર ભટ્ટે જણાવ્યું છે. આ કાર્યક્રમમાં જોડાવા માટે નોંધણી કરી ઉપસ્થિત રહેનારને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. તેમ જણાવાયું છે.

### બેન્કની જવાબદારી કાંઈ હોય કે નહી

## સાયબર ફ્રોડમાં નાની માછલીઓને ઝડપીને સંતોષ માનવાને બદલે મગરમચ્છને પકડો

### આઈએમડીસીનાં ચેરમેનનો વિચાર કરવા જેવું મંતવ્ય

અમરેલી, તા. ૧૭

આજકાલ અનેક નિર્દોષ લોકો સાયબર ગઠીયાઓના ભોગ બના રહ્યા છે. એકલા ગુજરાતમાં જ આશરે ૬૦ જેટલા કેસ નોંધાયા છે. પરંતુ નવાઈની વાત એ છે કે પોલીસ એ નાના લારી ગલ્લા વાળા અને મજુરોને પકડે છે જેમણે માત્ર લાલચમાં આવીને પોતાના બેન્ક ખાતા કોઈ ઓળખિતાને આપ્યા હતા. માત્ર પાંચ કે સાત હજારની લાલચમાં આવા લોકો આવી જાય છે અને પોલીસ અસલ ગુનેગારને પકડવાને બદલે જેણે થોડી લાલચ માટે પોતાનું બેન્ક ખાતું કોઈને આપ્યું હોય તેને જ જાણે કે મુખ્ય ગુનેગાર હોય એ રીતે તેમને હેરાન કર છે અને તેમને જ સૂત્રધાર દર્શાવે છે. નવાઈને વાત તો એ છે કે બેન્કવાળા પણ ખાતેદારને એ પુછતા નથી કે આટલી મોટી રકમ ક્યાંથી આવી. જો તેમની આળસ હોય તો સમજી શકાય પરંતુ અનેક લોકોના ખાતામાં કરોડો રૂપિયા આવ્યા હોય તો શું બેન્ક સત્તાવાળાઓની ફરજ નથી કે તેઓ ખાતેદારને બોલાવીને પુછે કે ભઈ આટલા રૂપિયા કયાંથી આવ્યા. પોલીસ પણ આવા નિર્દોષ લોકોને પકડીને સંતોષ માની લે છે. તો શું આપણે એમ માની લેવું કે બેન્ક વાળા અને પોલીસની મીલીભગત હોય છે.

તો શું આપણે જ માની લેવું કે પોલીસ વિભાગ અને બેન્ક વાળાઓની મીલીભગત હોય છે. પોલીસને આ ફરજ છે કે નાના માણસોને પકડવાને બદલે ખરેખર જે ગુનેગાર હોય છે તેમને પકડે અને ગરીબ રેંકડી વાળા કે અન્ય નિર્દોષ લોકોને સતાવવાનું બંધ કરે. પોલીસ વિભાગને વિનંતી કરવાની કે તેઓ પક્ષપાત કે ભય વગર નોકરી કરે અને સાચા ગુનેગારોને પકડી લાવે અને નાની લાલચમાં આવીને પોતાના બેન્ક ખાતા આપનાર નિર્દોષ લોકો સામે હળવી કલમો દાખલ કરી તેમને હેરાન કરવું બંધ કરે.

જો ખરેખર ગુજરાત પોલીસ અસલી ગુનેગારોને પકડશે તો જ ગુજરાતની જનતા હવે વધુ વાર છેતરાશે નહીં. બેન્ક સત્તાવાળાઓએ પણ કઈ ગરીબના ખાતામાં અચાનક જ વધુ પૈસા આવી ગયા હોય તે પહેલા તેને બોલાવીને પુછપરછ કરે પછી જ ખાતા ફ્રીઝ કરે.

ગુજરાત સરકાર અને ભારત સરકાર બંને ને નમ્ર વિનંતી કે આવનારા સમયમાં આવા ફ્રોડ માં ભારત દેશ ના નવાજવાન નિર્દોષ લોકો લાખો કરોડો લોકો ફસાશે આ સાયબર ફ્રોડ વિદેશથી ચાલતું હોય છે અને ભારત દેશ પર મોટી આફત છે.

## અમરેલીમાં તપોવન આશ્રમનાં રૂમ બનાવવા અનુદાન કરાયુ

અમરેલી, તા. ૧૭

સરફઅલી અબ્દુલ હુસૈન એન. ફેમિલી દામનગર (બુરહાની સ્ટીલ) તરફથી તા. ૧૨/૧૧/૨૦૨૫નાં રોજ સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રૂમનું અનુદાન આપવામાં આવેલ.

સારહિ તપોવન આશ્રમના તપસ્વીઓ માટે રૂમનું અનુદાન આપવામાં આવેલ આવા સત્કાર્ય કરવા બદલ તેમને બિરદાવીને અને લોકોને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરૂ પાડેલ.

સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી, સંસ્થાની પ્રગતિ અંગે સારહિ તપોવન આશ્રમનાં સ્વપ્નદ્રષ્ટા–પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવારને શુભકામનાઓ પાઠવી હતી.

આ અવસરે સારહિ યુથ ક્લબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, ખજાનચી સુરેશભાઈ શેખવા, એન્જિનયર હિમાંશુભાઈ ધાનાણી, પદાધિકારી રૂજુલભાઈ ગોંડલીયા, ચંદુભાઈ રામાણી સહિતના ઉપસ્થિત રહેલ હતાં.

સારહિ પરિવાર વતી, સરફઅલી અબ્દુલ હુસૈન એન. ફેમિલી દામનગરનો હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.



## અમરેલીમાં વકફ અને એસઆઈઆર અંગે સેમિનાર યોજાયો



અમરેલી, તા. ૧૭

અમરેલીમાં આવેલ દારૂલ ઉલમ મહેબુબિયા ખાતે અમરેલી સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા જે ગુજરાતમાં મુસ્લિમની જે મિલકતો હોઈ તે વકફ હેઠળ નોંધાયેલી હોય તેને ઉમીદ પોર્ટલ ઉપર અપલોડ કરવા માટેની કાર્યવાહી શરૂ હોય ત્યારે અમદાવાદથી ખાસ વકફ બોર્ડમાંથી ટીમ પધારીને અમરેલી જિલ્લામાંથી તમામ તાલુકાના જીમ્મેદાર લોકો આવેલ જેને ઉમ્મીદ પોર્ટલ ઉપર ઓનલાઈન કેમ ફોર્મ ભરવું અને વકફને મિલકતોમાં કોઈ ભૂલચૂક હોય કે સુધારા હોય તે અંગેની માહિતી આપેલ અને પ્રશ્નોત્તરી કરેલ હતી સાથે સાથે હાલમાં એસઆઈઆરની પણ ગુજરાત ભરના જયારે કામગીરી શરૂ હોય ત્યારે અમદાવાદથી ખાસ મુજાહીદભાઈ નફિસ પધારેલ કે જેને સંપૂર્ણ માહિતી આપેલ હતી. આ કાર્યક્રમમાં વકફ બોર્ડના તોફિકભાઈ શેખ. મુન્શી મુરતુજાખાન, નબીલભાઈ, મુજાહિદભાઈ નફીસ એમસીસી કન્વીનર, નવેદભાઈ સિદીકી. અમદાવાદથી પધારેલ વકફને લગત સલાહ માટે બાઉભાઈ દામનગર વાળા જવાબદારી લીધેલ ટ્રસ્ટના ઓડિટ માટે કે અન્ય કોઈ સલાહ સૂચન માટે સાકરીયા સી.એ દ્વારા સલાહ સૂચન અને સહકાર આપવા જણાવેલ છે, ના ફોર્મ ભરવામાં જમાત ઉલ્લેમાહે હિન્દ ના સભ્યો દ્વારા જવાબદારી લીધેલ છે આ કાર્યક્રમના સફળ બનાવવા સમસ્ત જમાતના પ્રમુખ મહેબૂબબાપુ કાદરી અને યુનુસભાઈ દેરડીવાળાએ જહેમત ઉઠાવેલ હતી.

## સાવરકુંડલા ખાતે કોંગ્રેસનાં આગેવાનોનું સ્નેહમિલન યોજાયો



સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા ખાતે અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી ચંદ્રેશભાઈ રવાણીના નિવાસ સ્થાને મિત્રો વર્તુળોનું એક સ્નેલમિલન મળેલ હતું. આ સ્નેહમિલનમાં આંતરિક સુખદુઃખ અને હાલહવાલ પૂછયા હતા અને એસ આઈ આરનો કાર્યકર્મ ચાલે છે. તે બાબતે વિસ્તૃત પણે માહિતી આપી હતી અને તે અંગે અમારી જયાં જરૂર પડે ત્યાં અમોને બોલાવો અમે આવશું અને યોગ્ય માર્ગદશક આપશું તેમજ લોકોના કાર્ય આપણાથી હલ થતા હોય તે સોલ કરવાના પ્રયત્ન કરવા અને વધુને વધુ લોકોના સર્પકમાં રહેવું તેવી શીખ આપવામાં આવી હતી.

આ સ્નેહ મિલનના કાર્યકર્મમાં અમુભાઈ માનસેતાં , હરિભાઈ સાગર મહેશભાઈ મશરૂ, શહેર કોંગ્રેસ પ્રમુખ કનુભાઈ ડોડીયા, મહેશભાઈ જયાંની, કમલેશભાઈ માગિયા, ઉસ્માનભાઈ પઠાણ, ઈકબાલ ગોરી, નાસીર ચૌહાણ, હિતેષભાઈ સરૈયા, વિપુલ ઉનાવા, નવીનભાઈ ગોળ વાળા, ઈરફાનભાઈ કુરેશી, ફારૂક કાદરી, રાજેભાઈ ચૌહાણ ,હસુભાઈ બગડા, પરીક્ષિત શિયાળ, રમેશભાઈ જયાંની, બટુકભાઈ ઉનાવા, અલીભાઈ જાખરા, તાજુદીન કુરેશી, એહમદ ફૂટ વાળા, શશીકાંતભાઈ અઢિયા, યુસુફભાઈ કુરેશી, દિલીપ જીરૂકા વિગેરે વિવિધ જ્ઞાતિના પ્રમુખો આગેવાનો સામાજિક સેવાકીય આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા અને વિવિધ પ્રશ્નો બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી.

# અરજણસુખમાં થયેલ હત્યા કેસનાં આરોપીઓનું રીકન્સ્ટ્રકશન કરાયુ






વડિયા તાલુકાના અરજણસુખ ગામે ચાર દિવસ પૂર્વે અંગત અદાવતમાં વૃદ્ધની ઘાતકી હત્યા કરનારા દસ આરોપીઓને ઝડપી પાડ્યા બાદ વડિયા પોલીસ અને અમરેલી એલ.સી.બી. દ્વારા ઘટનાસ્થળ ગુનાનું 'રી–કન્સ્ટ્રક્શન' કરવામાં આવ્યું હતું. વડિયા ઈન્ચાર્જ પીઆઈ કે.એસ. ડાંગર અને એલ.સી.બી.ની ટીમે ગણતરીના દિવસોમાં જ તમામ આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મેળવી હતી. ભોગ બનનાર: દિનેશભાઈ સોલંકી (ઉં.વ. આશરે ૬૦, મૂળ ગોંડલના રહેવાસીને ૧૦ શખ્સો, જેમાં ભેગા મળીને બનાવને અંજામ આપ્યો હતો જેમાં ૫ સાળા અને ૫ અન્ય અજાણ્યા શખ્સોનો સમાવેશ થાય છે. બનાવની વિગત મુજબ, ગોંડલના રહેવાસી દિનેશભાઈ સોલંકી અરજણસુખ ગામે તેમના સગાને ત્યાં રોકાયા હતા. બન્ને પતિ પત્નીને અંગત માથાકૂટના કારણે તેમના સમાધાન માટે મોડી રાત્રે બેકારમાં આવેલા દસ શખ્સો જે સમાધાન બાબતે ઉગ્રતા થતા તેમના પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન આરોપીઓએ કુહાડીના ઘા મારી વૃદ્ધનો પગ કાપી નાખ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા દિનેશભાઈને સારવાર અર્થે અમરેલી અને ત્યારબાદ રાજકોટ ખસેડવામાં આવ્યા હતા, જયાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજયું હતું. આ બનાવને પગલે સમગ્ર મામલો હત્યામાં પલટાયો હતો. અને હત્યારાઓનું આજે પોલીસ કાર્યવાહી અને 'રી–કન્સ્ટ્રક્શન' કરવામાંઆવ્યુંહતુંનાનકડાઅરજણસુખ ગામમાં ચકચાર મચાવનાર આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ વડિયા ઈન્ચાર્જ પીઆઈ કે.એસ. ડાંગર અને અમરેલી જિલ્લા એલ.સી.બી.ની ટીમે સઘન તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા અને ગણતરીના દિવસોમાં જ આ હત્યામાં સંડોવાયેલા તમામ ૧૦ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આરોપીઓની ધરપકડ બાદ, કાયદેસરની કાર્યવાહીના ભાગરૂપે વડિયા ઈન્ચાર્જ પીઆઈ કે.એસ. ડાંગર સહિતના પોલીસ સ્ટાફે આરોપીઓને બનાવસ્થળે લાવી સમગ્ર ગુનાનું (રી–કન્સ્ટ્રક્શન) કરાવ્યું હતું. પોલીસે આરોપીઓ પાસેથી જાણકારી મેળવી હતી કે તેમણે આ હત્યાને કેવી રીતે અંજામ આપ્યો હતો. ગુનાના રી–કન્સ્ટ્રક્શન સમયે મોટી સંખ્યામાં ગ્રામજનો આરોપીઓને જોવા માટે એકઠા થયા હતા. સમગ્ર ઘટનાની વધુ તપાસ વડિયા ઈન્ચાર્જ પીઆઈ કે એસ ડાંગર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# બાબરા ખાતે યોજાયેલ તાલુકા કક્ષાનાં ખેલ મહાકુંભમાં પંચશીલ વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ અગ્રેસર






બાબરા તાલુકાનો ખેલ મહાકુંભ તા ૬/૧૧/૨૦૨૫ ના રોજ બાબરા પંચશીલ સ્કૂલ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં બાબરા તાલુકાની અલગ અલગ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને જેમાં પ્રથમ અને બીજા નંબરે આવનાર વિદ્યાર્થીની જિલ્લાકક્ષાએ રમવા જશે. યોજાયેલ રમત ગમત સ્પર્ધામાં પંચશીલ સ્કૂલના વિદ્યાર્થીઓ દરેક વિભાગમાં પ્રથમ બીજો નંબર લાવીને શાળાનું ગૌરવ વધારેલ છે જેમાં ચેસમાં પાટડિયા વિમ, સાકરીય આરાધના બીજો, સિધ્ધપરા રિયાન, ઝાલા સુધીરભાઈ ત્રીજા નંબરે આવ્યા હતા અને રસ્સા ખેચમાં અંડર ૧૭માં બહેનો તાલુકા પ્રથમ વોલીબોલ અંડર ૧૪માં ભાઈઓ બીજા અને બહેનો પ્રથમ આવેલ છે અંડર ૧૭માં બહેનો બીજા આવેલ છે. કબ્બડ્ડી અંડર ૧૭માં બહેનો બીજા નંબરે એથ્લેટિક ગોળ ાફેકમાં અંડર ૧૪ ભાઈઓ પટેલ જયવીર બીજો બસિયા સત્યજિત તાલુકા પ્રથમ રામાવત વૈદિક તાલુકા બીજો પટેલ જયવીર ચક્રફેક પ્રથમ, રાછડીયા દષ્ટિ બીજો લાંબી કુદમાં સિધ્ધપરા બંસી બીજો નંબર મેળવીને અમરેલી જિલ્લાકક્ષાએ રમવા માટે જશે નંબર મેળવનાર તમામ વિદ્યાર્થીઓને શાળા સંચાલક પ્રકાશભાઈ ગોલેતર દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા તેમ કન્વીનર ચિરાગભાઈ પાટડિયાની યાદી જણાવાયુ છે.

### ધન જીવામૃત પ્રોજેક્ટની સાથે

## સાવરકુંડલા ખાતે શ્રી કૃષ્ણ ગૌશાળામાં બાયોગેસ પ્લાટનું ભૂમિપૂજન થયું

### અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયા પણ ઉપસ્થિત રહયા



સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલામાં પ્રાકૃતિક ઊર્જા અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે, શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટ (પાંજરાપોળ), નેસડી રોડ, બાયોગેસ પ્લાન્ટ અને ધન જીવામૃત બનાવવાના પ્રોજેકટનું ભૂમિપૂજન યોજવામાં આવ્યું છે.આ ભૂમિપૂજન કાર્યક્રમ તા. ૧૫/૧૧ ને શનિવારના રોજ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને સાંસદ ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં રાખવામાં આવેલ. આ તકે સાવરકુંડલા ભાજપ અગ્રણીઓ સાથે ગૌપ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેકટનું આયોજન ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જીઈડીએ), ગાંધીનગર તેમજ ગુજરાત બાયોએનર્જી ફર્ટિલાઈઝરનાં સહકારથી કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બહોળી સંખ્યામાં શહેરીજનો પધારેલ.

શ્રી કૃષ્ણ ગૌશાળાની આ પહેલને સાવરકુંડલાના શહેરીજનોએ હર્ષભેર વધાવી લીધી હતી.આ પ્રસંગે શ્રી કૃષ્ણ ગૌશાળાના પ્રમુખ રાજુભાઇ બોરીસાગર દ્વારા હજુ પણ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે અવનવા આયામો સંદર્ભ વિચાર કરવામાં આવશે એમ જણાવ્યું હતું. આમ બાયોગેસ અને ઘન જીવામૃત થકી પ્રાકૃતિક ખેતીને મહત્વ મળે તેવો પ્રથમ પ્રયાસને બિરદાવવા જેવો છે. એમાં બેમત નથી. અમરેલી જિલ્લામાં આ પ્રથમ પહેલ છે. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાળ ા તેમજ ગૌપ્રેમીઓએ ત્રિકમથી ભૂમિપૂજન કરેલ. આશા રાખીએ ભવિષ્યમાં સાવરકુંડલાના ખેડૂતો બાયોગેસ સાથે ઘન જીવામૃતની ખેતી દ્વારા સાવરકુંડલા તાલુકાની ખેતી રસાયણ મુક્ત થાય.

## અમરેલી ખાતે રોટરી કલબ ગીર દ્વારા ડાયાબિટીસ જાગૃતિ સેશનનું સફળ આયોજન



અમરેલી, તા. ૧

રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર અને RSSDIના સહયોગથી આજ રોજ ૧૪ નવેમ્બર ૨૦૨૫ના ડાયાબિટીસ અવેરનેસ સેશનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વર્ધમાન બેન્ક્વેટ હોલ, અજરા ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે યોજાયેલા આ સેશનમાં શહેરના નાગરિકો, યુવાનો અને મહિલાઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી. કાર્યક્રમના મુખ્ય વક્તા ડો. રાજેશ પરવાડિયા (M.D. Medicine) એ ડાયાબિટીસ વિશે સરળ અને સમજણભરી માહિતી આપી. તેમણે રોગના કારણો, લક્ષણો, નિયંત્રણ અને પ્રિવેન્શન બાબતે પ્રેક્ટિકલ માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને રોજિંદી જીવનમાં આહાર, વ્યાયામ અને હેલ્ધી લાઈફસ્ટાઈલ દ્વારા ડાયાબિટીસ પર નિયંત્રણ મેળવી શકાય તે બાબત ઉપર ભાર મૂક્યો. આ ઉપરાંત ડાયાબિટીસની વહેલી તકે ઓળખ, જોખમ ઘટાડવાની રીતો, પરિવાર માટે અપનાવી શકાય તેવી હેલ્થ ટીપ્સ વિશે વિશેષ સમજણ આપવામાં આવી હતી, જેને ઉપસ્થિતોમાંથી ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. રોટરી કલબ ઓફ અમરેલી ગીરના પ્રતિનિધિઓએ જણાવ્યું કે આવતા સમયમાં પણ સમાજના હિતના આવા વધુ હેલ્થ અવેરનેસ કાર્યક્રમો યોજાતા રહેશે. સમાજના સૌ નાગરિકોએ આવી જનજાગૃતિ પ્રવૃત્તિઓમાં જોડાઈ પોતાના સ્વાસ્થ્ય તરફ વધુ સચેત રહેવા અપીલ કરવામાં આવી.

## દામનગર : વ્હોરા સમાજનાં ધર્મગુરૂનાં આગમનને લઈને તૈયારીઓ

દામનગર, તા. ૧૭

દામનગર સમસ્ત દાઉદી વ્હોરા સમાજનાં ધર્મગુરૂ નેક નામદાર સામાજિક સૌહાર્દના હિમાયતી સૈયદના અબુ જાફરસ્સાદીક આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) સૌરાષ્ટ્ર પ્રવાસ દરમ્યાન દામનગર, લાઠી, બાબરા, ચિતલ, અમરેલી સહિત બોટાદ રાણપુર સુડા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર પંથકના અનેક શહેરોમાં આગમન થવાનું હોય. ત્યારે સૈયદના અબુ જાફરસ્સાદીક આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) સત્કાર સ્વાગત સામૈયા માટે અનેકો અનેક તૈયારી ઓને આખરી ઓપ અપાય રહ્યો દામનગર શહેરમાં સમસ્ત દાઉદી વ્હોરા સમાજના નાના મોટા સૌ કોઈમાં અનેરો ઉત્સાહ ધર્મગુરૂના અવાગમનથી લઈ પધરામણીઓ સહિત ઉત્તમોત્તમ આયોજન ધર્મગુરૂના આગમનને લઈ પ્રોસેસન દીદાર પધરામણીઓ માટે માઈક્રો પ્લાનિંગ સમગ્ર વિશ્વભરના દાઉદી વ્હોરા સમાજ ને એકસુત્રતા થી બાંધી રાખનાર શાંતિ સુલેહ અને એકયતા હિમાયત સાથે સૌહાર્દ પૂર્ણ વહેવારો માટે સામાજિક એકસુત્રતા ને તાદ્રશ્ય કરાવતા સૈયદના અબુ જાફરસ્સાદીક આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) સૌરાષ્ટ્રના અનેક શહેરી વિસ્તારો સાથે દામનગર પધારી રહ્યા છે. ત્યારે ભવ્ય સત્કાર માટે દાઉદી વ્હોરા સમાજના આબાલ વૃધ્ધ વડીલો યુવાનો સહિત દરેક નાના મોટા સૌ કોઈમાં અનેરો ઉત્સાહ



### ૧૮ નવેમ્બર, ''નેચરોપથી ડે''

## નેચરોપથી - ફકત પથી નહી પણ જીવન જીવવાની પદ્ધતિ



અમરેલી, તા. ૧૭

નેચરોપેથી એ પ્રાચીન ભારતની ચિકિત્સા પદ્ધતિ છે. જે જીવનના શારીરિક, માનસિક, નૈતિક, આધ્યાત્મિક અને સર્જનાત્મક સિદ્ધાંતો પર આધારિત છે. તેમાં મુખ્યત્વે શરીરની રોગપ્રતિકારક શકિતને મજબૂત બનાવવા પર ધ્યાન આપવામાં આવે છે. નેચરોપથી એ પંચતત્વ, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વીની મદદથી નિસર્ગોપચારનાં માધ્યમથી શરીરમાંથી વિજાતીય દ્રવ્યોને બહાર કાઢવાની પ્રક્રિયા છે. નિસર્ગોપચાર કેન્દ્રમાં, શરીરમાંથી દૂષિત તત્વો અને વિષતત્વો શરીરમાંથી દૂર કરવામાં આવે છે. અને પોષક તત્વોની રચના અને વૃદ્ધિ પર સંપૂર્ણ ભાર મૂકવામાં આવે છે. આ પદ્ધતિની મુખ્ય વિશેષતા એ છે કે આ પદ્ધતિનાં કોઈ પણ ઉપચારનાં પ્રયોગમાં શરીરને કોઈ પણ જાતનું નુકસાન કે આડઅસર થતી નથી.

નેચરોપથીનો પ્રચાર ભારતમાં મહાત્મા ગાંધીજીએ કર્યો છે. ગાંધીજી કહેતા કે, " પ્રાકૃતિક ચિકિત્સા કે નેચરોપેથી એ કોઈ ચિકિત્સા પદ્ધતિ નથી પણ એ જીવન જીવવાની સરળ પદ્ધતિ છે." નેચરોપેથી કેન્દ્રમાં માત્ર દર્દીના દર્દો અને રોગો પણ ધ્યાન નથી આપવામાં આવતું, પરંતુ તેમના સંપૂર્ણ શરીર અને પહેલા તે કેવી રીતે પોતાનું જીવન જીવી રહ્યા હતા ? તેમની જીવનશૈલી કેવી હતી ? તે શું કામ કરતા હતા ? તે દરેક વ્યકિત વ્યકિતના વિશે માહિતી એકત્ર કરવામાં આવે છે તેની ઉપરથી નેચરોપેથી ચિકિત્સક કુદરતી ઉપચાર ચિકિત્સક પેશન્ટને કઈ કુદરતી ઉપચાર ચિકિત્સા કરાવવી તેના વિશે સંપૂર્ણ માહિતી આપે છે. ઘણા લોકો એવું માને છે કે આયુર્વેદ અને નેચરોપથી બંને સમાન છે, પરંતુ એવું નથી. પ્રાચીન સમયમાં આ બંને પદ્ધતિઓને એક ગણાતી હતી, પરંતુ ત્યારબાદ આયુર્વેદમાં જયારે તાજી વનસ્પતિઓને બદલે સુકી વનસ્પતિઓનો ઉપયોગ તેમજ વાટી, ઘુટી કે દવાનો પ્રયોગ શરૂ થયો ત્યારથી નેચરોપથી આયુર્વેદથી વિખુટી પડી ગઈ. કુદરતી ઉપચાર પ્રક્રિયામાં ફકત કુદરતી સંસાધનો અને તાજા ફળો, ફૂલો અને શાકભાજીનો ઉપયોગ થાય છે. વર્તમાન સમયમાં જયારે સમગ્ર વિશ્વ કોરોના મહામારીની ગંભીર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે આપણે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો ભાગ ગણાતી નેચરોપથીનો પ્રયોગ કરતા રહેવું જોઈએ અને તે દ્વારા રોગ પ્રતિકારક શકિતને વધુને વધુ મજબુત બનાવવી જોઈએ

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા

## માલસિકા ગામે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ યોજવામાં આવી

### નવીન જાતોની લાક્ષણિકતાઓ વિશે માહિતી અપાઈ



અમરેલી, તા. ૧૭

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા માલાશિકા ગામે તા. ૧૪/૧૧/૨૦ ૨ ૫નાં રોજ પ્રાકૃતિક વિષય ઉપર તાલીમ યોજાઈ. ડો. નેહા તિવારી, કેવીકે વિષય નિષ્ણાંત (ગુહવિજ્ઞાન) દ્વારા ખેડૂતોનું સ્વાગત કરી પ્રાકૃતિક પેદાશોનું મૂલ્યવર્ધન કેવી રીતે કરવું તેના વિશે માર્ગદર્શન આપ્યું. કેવીકેનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષી કે. બારીયા, દ્વારા કેવીકેની કામગીરી વિશે તથા પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને જમીન અને પાણીના પૃથ્થકરણ માટે નમુનો કેવી રીતે લેવો એ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા, ત્યારબાદ ડો. શ્વેતા એ. પટેલ, કેવીકે વિષય નિષ્ણાંત (સશ્ય વિજ્ઞાન) દ્વારા પ્રાકૃતિક ખેતીના આયામો સમજાવી, તેને બનાવતી વખતે કયા કયા તકેદારીના પગલા લેવા જોઈએ અને તેના ઉપયોગ તથા ફાયદાઓ વિશે જણાવ્યું. શિયાળુ પાકોમાં વાવણી કરતી વખતે લેવાની થતી કાળજીઓ વિશે તથા જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ નવીન જાતોની લાક્ષણિકતાઓ વિશે પણ ખેડૂતોને માહિતગાર કર્યા. આ તાલીમમાં અંદાજે ૫૫ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા.

### સમગ્ર જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના

## સાવરકુંડલાનાં કલાકાર હર્ષવર્ધન રાઠોડને કુંડાળુ ગુજરાતની અનરોલ્ડ સ્ટોરીમાં અભિનય કરવાની તક મળી

### ફિલ્મે ૭ ઈન્ટરનેશનલ એવોર્ડ જીતી ઈતિહાસ રચ્યો




સાવરકુંડલા, તા. ૧૭

'કુંડાળુ' : ઉત્તર ગુજરાતની અનટોલ્ડ સ્ટોરી. ૭ ઈન્ટરનેશનલ અવાર્ડ્સ જીતી ફિલ્મે ઈતિહાસ રચ્યો, અદશ્ય, અસ્વીકૃત અને અવગણાયેલા જીવનના પાત્રોની સફર આ ફિલ્મમાં એક છોકરાની ભૂમિકા ભજવનાર હર્ષવર્ધન રાઠોડ મૂળ સાવરકુંડલાના અને ફોટોગ્રાફી માટે ગજબનો શોખ ધરાવતા હોય સમય અને સંજોગે તેમને આવી ખૂબ ઉત્કૃષ્ટ ફિલ્મમાં રોલ મળતાં સાવરકુંડલાના શહેરીજનોમાં પણ ભારે ઉત્સાહ અને આનંદ છવાયેલ જોવા મળે છે.

આ સાથે તેમણે પોતાની કેરિયર સંદર્ભે જણાવ્યું હતું કે ૨૦૨૧માં મને પહેલી વાર ફિલ્મમાં BTS આર્ટિસ્ટ તરીકે કામ કરવાની તક મળી એક નાની શરૂઆત, પણ એ શરૂઆતે મને આ ક્ષેત્ર વિશેની દરેક શીખ આપી.

ત્યારથી લઈને આજે સુધીની સફર શીખ, જુસ્સો અને વિકાસથી ભરેલી રહી છે. અને આજે આ ફિલ્મમાં એક્ટિંગ કરવાની તક મળવી મારા માટે સ્વપ્ન પૂરૂં થવા જેવી લાગણી છે. આવી સુંદર તક પ્રાપ્ત કરતાં હર્ષવર્ધને જણાવ્યું હતું કે આ સમગ્ર ગૌરવનો યશ તેમના માતાપિતાને આપે છે. તેમના પિતાજીની સતત કાળજી અને પિતાજીની પંદર વર્ષથી ગેરહાજરી થતા તેમના માતુશ્રીએ સખત પુરૂષાર્થ દ્વારા તેના જીવન ઘડતરમાં મહત્વનું યોગદાન આપ્યું જે કદીપણ ભૂલી શકાય તેમ નથી આમ વ્યકિ નિર્માણની નોંધનીય પ્રગતિમાં માતાપિતાનો અમૂલ્ય ફાળો અને આશીર્વાદ ધકી જ વ્યકિ એક ચોક્કસ ઊંચાઈ સુધી પહોંચી શકે છે એ બાબત પણ અહીં સ્વીકારવી જ રહી હર્ષવર્ધન પોતે સાવરકુંડલાના વિસ્તારોને આવરી લઈને એક ફિલ્મનું નિર્માણ કરવાની મહત્વકાંક્ષા પણ સેવી રહ્યા છે.

# કૃષ્ણગઢ ખાતે 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ'માં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના સ્ટોલની મુલાકાત






ગુજરાતના રાજયપાલ અને પ્રાકૃતિક કૃષિના પ્રખર સમર્થક આચાર્ય દેવવ્રતજીએ તા.૧૪/૧૧/૨૫ના કૃષ્ણગઢ ખાતે યોજાયેલ 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ખેડૂતોને માર્ગદર્શન પૂરૂ પાડયું હતું. આ કાર્યક્રમ દરમિયાન, કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના પ્રાધ્યાપક એવા ડો. કે. વી. ચૌધરીજીએ પ્રાકૃતિક કૃષિ વિશે એક ખૂબ વિગત–વાર માહિતી આપી હતી અને ત્યાર બાદ રાજયપાલએ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ દ્વારા પ્રદર્શિત કરાયેલા સ્ટાલની મુલાકાત લીધી હતી. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજયપાલની મુલાકાત એક પ્રેરક ઘટના બની રહી હતી. તેમણે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના આચાર્ય ડો એસ. પી. દેશમુખ, અને સ્ટાફ ગણ બી. ડી. મકવાણા અને ડો. કે. વી. ચૌધરી સાથે તેમના સ્ટાલ પર વાર્તાલાપ કરી હતી. જે દરમ્યાન તા.૨૯/૯/૨૦૨૫ના રોજ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીની મુલાકાતે આવ્યા હતા તે સમયે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના પ્રાકૃતિક ફાર્મમાં ડાંગર, બાજરો, બ્રોકોલી અને કોબી (Cabbage) ડેવલપમેંટ સ્ટેજમાં હતા, જે હાલ પૂર્ણ રીતે પરિપક્વ થઈને આ વખતે સ્ટોલમાં તેમના નમૂનાઓ, ગાય આધારિત ઉત્પાદનો જેમ કે જીવામૃત, ઘનજીવામૃત વગેરે પ્રદર્શન કરવામાં આવ્યા હતા જેની રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ખૂબ પ્રશંસા કરી હતી. રાજયપાલે કોલેજ દ્વારા પ્રાકૃતિક કૃષિના પ્રચાર અને પ્રસાર માટે થઈ રહેલા પ્રયાસોની સરાહના કરી હતી. તેમણે પ્રાધ્યાપકો અને સંશોધકોને ભારપૂર્વક જણાવ્યું હતું કે, ''પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતીની પદ્ધતિ નથી, પરંતુ તે જમીન, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવાનું એક મોટું અભિયાન છે. યુવાનોએ આ અભિયાનને જન–જન સુધી પહોંચાડીને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવો જોઈએ. કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના પ્રતિનિધિઓએ રાજયપાલને તેમની સંસ્થા દ્વારા પ્રાકૃતિક કૃષિના ક્ષેત્રે કરવામાં આવેલા સંશોધનો અને તાલીમ કાર્યક્રમો વિશે માહિતી આપી હતી. રાજયપાલે યુવા વૈજ્ઞાનિકો અને ખેડૂતોને પ્રોત્સાહન પૂરૂં પાડીને, ગુજરાતમાં ગાય આધારિત ખેતીનું ક્ષેત્ર વધુ વ્યાપક બને તે માટે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં માનનીય રાજયપાલની ઉપસ્થિતિએ ખેડૂતો અને કૃષિ સંબંધિત સંસ્થાઓમાં નવો ઉત્સાહ જગાવ્યો હતો.

# ખડ ખંભાળીયા મુકામે રાજયમંત્રી વેકરીયાનાં વરદ્હસ્તે વિકાસ કામોનું ખાતમુહૂર્ત



ઉર્જા અને કાયદો રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે આજરોજ અમરેલી તાલુકાના ખડ ખંભાળીયા મુકામે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ગામતળ અને ચોક વિસ્તારમાં બ્લોક રોડ, ગામના તળાવ સુધીના બ્લોક રોડ અને ખાસ પછાત ખારાપાટ જોગવાઈ હેઠળ ભૂગર્ભ ગટર સહિતના અંદાજે રૂા. ૧૧ લાખથી વધુના ખર્ચે વિવિધ વિકાસકાર્યો ત્વરાએ કરવામાં આવશે. આ વિકાસકામો થકી ગ્રામ્ય કક્ષાએ લોકોને બ્લોક રોડ સહિતની સુવિધાઓ પ્રાપ્ત થશે. રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિવિધ વિકાસકામો સતત અને અવિરત શરૂ રહેશે. ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય કક્ષાએ લોકોને સારા રોડ રસ્તા ઉપરાંત ભૂગર્ભ ગટરના વિવિધકામો થકીલોકોની સગવડતામાં વધારો થશે. અમરેલી તાલુકાના ખડ ખંભાળીયા મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત પ્રસંગે સરપંચ પ્રતાપભાઈ વાળા, ગ્રામ પંચાયત સભ્યઓ, ગામના આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું **રાત્રિનાં સમયે ખેડૂતો સહાયનાં ફોર્મ**

એરર આવી જાય છે અને ખેડૂતોની પરેશાની વધે છે. આથી ભેંકરા ગામે ખેડૂતોના સહાય ફોર્મ ભરવાની કામગીરી રાત્રિના સમયે પણ શરૂ રાખેલ છે અને આ શિયાળાની કડકડતી ઠંડીમાં ગ્રામ પંચાયત ઓફિસમાં બેસીને વી.સી. ખેડૂત સહાય ફોર્મ ભરી રહ્યા છે અને મોડી રાત્રી સુધી આ સહાય ફોર્મ ભરવાની પ્રક્રિયા ગામે જોવા મળી રહી છે.

સરકાર દ્વારા કૃષિ સહાય પેકેજ જાહેર કર્યુ છે તેમાં થોડો ઘણો ખેડૂતોમાં અસંતોષ જોવા મળે છે. પણ સરકાર દ્વારા જે રીતે ખેડૂતોને સહાય જાહેર કરી તેમાં ખેડૂતોને કોઈ અગવડતાઓ ના પડે તેની ખાસ તકેદારી સરકાર રાખી રહી છે. પણ ઈન્ટરનેટ કનેકિટવિટીના અભાવ સાથે સારવાર ડાઉન રહેતું હોવાથી દિવસે સહાય અંગેનાં ફોર્મ ભરી શકાતા. જેથી ખેડૂતો માટે રાત્રિના સમયે વી.સી. ફોર્મ ભરી આપી અને ખેડૂતોની વેદનાઓ પર મલમરૂપી કાર્ય કરી રાત્રિના ઉજાગરા કરી રહ્યાં છે.

આ સાવરકુંડલા તાલુકાના ભેંકરા ગામે ૩૮૯ જેટલા ખેડૂત ખાતેદારો છે અને સરકાર દ્વારા સહાય ફોર્મની જાહેરાત બાદ ગ્રામ પંચાયતોમાં સહાય ફોર્મ ભરાઈ છે. પણ કનેકિટવિટી અને સર્વર ડાઉન રહેતું હોવાથી રાત્રિના સમયે જાગીને પણ ખેડૂતોના ફોર્મ ભરાઈ રહ્યા છે. હાલ ૩૮૯ ખેડૂતો પૈકી માત્ર ૧૦૦ જેટલા ખેડૂતોનાં કૃષિ સહાય ફોર્મ ભરાયા છે અને બાકીના ફોર્મ પણ આ શિયાળાની કડકડતી ઠંડીમાં તાપણું કરીને ખેડૂતો ફોર્મ ભરી રહ્યા છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૨૩૨ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૩૫ | ૧૨૫૮ |
| ૩ | શિંગ મોટી | ૭૭૫ | ૧૩૩૧ |
| ૪ | શિંગદાણા | ૧૦૭૦ | ૧૨૪૦ |
| ૫ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૯૧૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૫૩૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૧૭૦ | ૨૪૯૦ |
| ૮ | જુવાર | ૭૬૦ | ૯૦૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૬૯ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૬૧ |
| ૧૧ | અડદ | ૯૭૦ | ૧૨૫૦ |
| ૧૨ | ચણા | ૯૨૫ | ૧૨૦૦ |
| ૧૩ | સફેદ ચણા | ૧૦૧૦ | ૧૧૨૩ |
| ૧૪ | છોલે ચણા | ૧૬૨૧ | ૧૭૬૧ |
| ૧૫ | તુવેર | ૧૦૮૦ | ૧૩૩૬ |
| ૧૬ | વાલ | ૮૧૫ | ૮૧૫ |
| ૧૭ | કપાસ | ૮૭૦ | ૧૫૬૧ |
| ૧૮ | એરંડા | ૧૧૪૭ | ૧૨૭૭ |
| ૧૯ | જીરૂ | ૨૨૦૦ | ૩૬૦૩ |
| ૨૦ | ધાણા | ૧૨૨૦ | ૧૪૭૦ |
| ૨૧ | મેથી | ૬૦૦ | ૧૦૪૦ |
| ૨૨ | સોયાબીન | ૬૯૦ | ૯૧૮ |
| ૨૩ | કાંગ | ૪૯૫ | ૪૯૫ |

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા : આંબલીધારથી લોનકોટડા**

ઈસાપર, ઘુઘરાળા, ગમા પીપળીયા, મિયાખીજડિયા, લોનકોટડા, નડાળા, રાણાપર સહિતના ગામમાં લોકોને બાબરા તેમજ રાજકોટ જવામાં આજ માર્ગનો ઉપયોગ કરવો પડે જેથી રોડની મરામત કે નવો બનાવવાની માંગ વાહન ચાલકો અને રાહદારીઓમાંથી ઉઠવા પામી છે.

આ વિસ્તારના જિલ્લા પંચાયતના સભ્ય તેમજ ધારાસભ્ય દ્વારા તાત્કાલિક અસરથી આ વિસ્તારમાં આવેલ બિસ્માર માર્ગોની મરામત તંત્ર પાસે કરાવે તેવી આશા લોકો રાખી રહ્યા છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૮ | ૧૪૫૮ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૦૦૮ | ૧૦૦૮ |
| ૩ | તલ | ૧૮૦૦ | ૧૮૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૨ | કપાસ કોડી | ૯૬૦ | ૯૬૦ |
| ૩ | મગફળી | ૮૦૧ | ૮૦૧ |
| ૪ | ચણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૫ | જુવાર સફેદ | ૯૬૫ | ૯૬૫ |
| ૬ | સોયાબીન | ૫૫૧ | ૫૫૧ |
| ૭ | અડદ | ૧૦૦૧ | ૧૦૦૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૩૦ | ૧૧૨૫ |
| ૨ | શીંગ મોટી | ૯૩૫ | ૧૪૨૦ |
| ૩ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૬૦ |
| ૪ | તલ કાળા | ૪૫૦૦ | ૫૨૪૦ |
| ૫ | જીરૂ | ૩૬૦૦ | ૩૯૩૦ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૫૮૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૯૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૫ |
| ૯ | જુવાર | ૬૯૧ | ૧૧૧૧ |
| ૧૦ | અડદ | ૮૦૫ | ૧૪૦૦ |
| ૧૧ | ચણા | ૮૩૦ | ૧૨૬૬ |
| ૧૨ | તુવેર | ૬૦૦ | ૧૧૩૦ |
| ૧૩ | સોયાબીન | ૮૬૫ | ૯૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૧૦ | ૧૫૦૧ |
| ૨ | કપાસ કોડી | ૮૦૮ | ૧૧૯૨ |
| ૩ | મગફળી | ૮૭૫ | ૧૨૧૨ |
| ૪ | ઘઉં | ૪૫૦ | ૫૩૫ |
| ૫ | ચણા | ૧૦૦૦ | ૧૧૧૧ |
| ૬ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૭ | અડદ | ૭૦૦ | ૮૨૫ |
| ૮ | ધાણા | ૧૪૦૦ | ૧૪૩૦ |
| ૯ | સોયાબીન | ૮૦૦ | ૮૭૫ |
| ૧૦ | કલોંજી | ૪૪૦૦ | ૪૪૦૦ |
| ૧૧ | છોલે ચણા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૨ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | એરંડા | ૧૧૩૧ | ૧૧૩૧ |
| ૧૫ | ચોળી | ૭૦૦ | ૭૦૦ |
| ૧૬ | શીંગ દાણા | ૯૩૦ | ૧૧૧૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૯૨ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૩૭ |
| ૪ | અડદ | ૮૧૦ | ૧૧૨૦ |
| ૫ | મગ | ૧૦૧૫ | ૧૦૫૫ |
| ૬ | જુવાર | ૬૫૦ | ૭૦૦ |
| ૭ | કાંગ | ૩૦૦ | ૩૦૬ |
| ૮ | મેથી | ૬૦૦ | ૬૫૦ |
| ૯ | ચણા | ૯૦૦ | ૧૦૨૬ |
| ૧૦ | ચણા સફેદ | ૮૦૧ | ૧૦૨૩ |
| ૧૧ | લસણ | ૧૬૫ | ૭૫૫ |
| ૧૨ | ધાણા | ૧૩૭૫ | ૧૪૭૫ |
| ૧૩ | જીરૂ | ૩૩૦૦ | ૩૪૦૦ |
| ૧૪ | સોયાબીન | ૬૧૫ | ૯૧૧ |
| ૧૫ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ૧૬ | તલ કાળા | ૩૩૦૦ | ૩૪૦૦ |
| ૧૭ | સીંગફાડા | ૮૧૫ | ૧૧૫૫ |
| ૧૮ | મગફળી | ૮૫૦ | ૧૦૧૨ |


**ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ**

અમો નીચે સહી કરનાર એડવોકેટ **દિવ્યેશ કે.રાદડિયા,** રહે : – બાબરા, અમારા અસીલ જમીન વેચનાર **વિજયભાઈ હરસુરભાઈ ગરણીયા** રહે:–મીયા ખીજડીયા, તા.બાબરા, જી.અમરેલી વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **મીયા ખીજડીયા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **વિજયભાઈ હરસુરભાઈ ગરણીયા** વેચાણ દસ્તાવેજથી **અકબરી અતુલકુમાર વલ્લભભાઈ,** રહે.રાજકોટ, ઠે. ગુરૂકૃપા, રાજલક્ષ્મી સોસાયટી, સ્ટ્રીટ નં.–૭,કોઠારીયા રોડ, હુડકો, રાજકોટવાળાને વેચાણ કરવા માંગે છે.

**જમીનની વિગત:–**

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી |
|---|---|---|---|---|
| ૧ | વિજયભાઈ હરસુરભાઈ ગરણીયા | ૪૬૭ | ૧૧૩ પૈકી ૩/પૈકી ૨ | ૧–૧૩–૩૧ |

સબબ ઉપરોકત વિગત વર્ણનવાળી ખેતીની ખેડવાણ જમીન સંબંધે તેના વેચાણ સંબંધે કે તેના કબજા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, બાનાખત, અગ્રહક્ક,વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક કે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૦૭ (સાત) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા– તકરાર કે દરદાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે. તેમ સમજી અમો પાકકો રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ ખરીદનાર **અકબરી અતુલકુમાર વલ્લભભાઈ** ના નામે કરાવી આપીશું. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ :– બાબરા**

**તા :– ૧૭–૧૧–૨૦૨૫**

**અમારા અસીલ**

**શ્રી વિજયભાઈ હરસુરભાઈ ગરણીયાની સુચનાથી**

ADV. DIVYESH K. RADADIYA REG. NO. G/724/2019 GUJARAT HIGH COURT

**દિવ્યેશ કે રાદડીયા**

એડવોકેટ (B.Com.LL.B)

(ગુજરાત હાઈકોર્ટ) પોલીસ સ્ટેશન પાસે,

રાજકોટ–ભાવનગર રોડ,

મુ.બાબરા,જિ.અમરેલી

Mo.87803 97092


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૬૦ | ૧૫૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૯૦ | ૧૩૧૦ |
| ૩ | મગફળી | ૯૯૦ | ૧૩૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૮૦ | ૨૧૧૦ |
| ૫ | જીરૂ | ૩૨૨૫ | ૪૦૮૫ |
| ૬ | ઘઉં | ૪૬૪ | ૫૬૯ |
| ૭ | ચણા | ૮૯૦ | ૧૧૯૦ |
| ૮ | મગ | ૧૨૯૦ | ૧૪૮૦ |
| ૯ | અડદ | ૯૭૦ | ૧૨૧૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૫ | ૮૮૫ |

# રાજુલા ખાતે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી અવસરે યુનિટી માર્ચ યોજાઈ




દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના અવસરે સરદાર @150 અંતર્ગત @98 રાજુલા વિધાનસભા મતવિસ્તારની યુનિટી માર્ચનું આયોજન રાજુલા શહેરમાં ડો. આંબેડકર સર્કલથી BAPS સ્વામિનારાયણ સંસ્થાના સંતોના હસ્તે પ્રસ્થાન કરાવેલ જેમાં અમરેલી જિલ્લા સાસંદ ભરતભાઈ સુતરીયા, કિસાન મોરચાના રાષ્ટ્રીય મંત્રી બાબાભાઈ જેબલીયા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ગુજરાત નિયંત્રિત બજાર સંઘના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, ટીંબી માર્કેટયાર્ડ ચેરમેન ચેતનભાઈ શિયાળ, રાજુલા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ નનકાદાદા, ક્ષત્રિય સમાજ અગ્રણી રવુભાઈ ખુમાણ તેમજ પ્રાંત અધિકારી ડો. મેહુલકુમાર બરાસરા અને રાજુલા શહેરની તમામ કચેરીના સ્ટાફ અને રાજુલા તેમજ જાફરાબાદ શહેર અને તાલુકામાંથી બહોળી સંખ્યામાં નગરજનો પદયાત્રામાં જોડાયેલ. અલગ અલગ સ્થળોએ બ્રહ્મ સમાજ, આહીર સમાજ, ભરવાડ સમાજ, પટેલ સમાજ, કોઠી ક્ષત્રિય સમાજ અને કોળી સમાજ દ્વારા પદયાત્રાનું સ્વાગત અને સન્માન કરવામાં આવેલ. શહીદ ચોક ખાતે સ્કુલની બાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવેલ. તેમજ માર્કેટિંગ યાર્ડ ખરીદ વેચાણ સંઘ અને અમરેલી જિલ્લા મહેસુલી કર્મચારી મંડળ તાલુકા પંચાયત કચેરી RK સાયન્સ સ્કુલ, ૐ લકુલીશ સ્કુલ, સરસ્વતી સ્કુલ વગેરે સંસ્થાઓ દ્વારા પદયાત્રાનું સ્વાગત કરેલ. છતડીયા ગ્રામ પંચાયત ખાતે પધારેલ મહેમાનોનું કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા સાફા બાંધીને સન્માન કરવામાં આવેલ. ક્રિષ્ના સ્કુલ ખાતે સમાપન થયેલ કુલ 8 KM કરતા વધુ અંતરની પદયાત્રામાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ. બાબાભાઈ જેબલીયા દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ. સ્કુલના મેદાનમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ. તમામ પદયાત્રીઓ માટે જમવાની સુંદર વ્યવસ્થા વહીવટી તંત્ર રાજુલા દ્વારા કરવામાં આવેલ.

# અમરેલી માર્કેટયાર્ડ દ્વારા ''આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન'' અને ''નુતનવર્ષ સ્નેહમિલન'' કાર્યક્રમ યોજાયો








અમરેલી ખાતે ગત તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલ ''આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન'' અને ''નુતન વર્ષ સ્નેહ મિલન'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય ભારતને આત્મનિર્ભર બનાવવા માટે જન જાગૃતિ લાવવાનો અને સ્વદેશી ઉત્પાદનો પ્રત્યે વિશ્વાસ અને ગૌરવ વધારવાનાં હેતુથી યોજાયો હતો. આ પ્રસંગે અમરેલીનાં ધારાસભ્ય અને રાજયકક્ષાનાં મંત્રી કૌશિકભાઈ વેકરિયા, અમરેલી જીલ્લા ભા.જ.પ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, અમરેલી શહેર ભા.જ.પ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી.સોજીત્રા સહિત માર્કેટયાર્ડનાં ડીરેકટરો તેમજ બહોળી સંખ્યામાં માર્કેટયાર્ડનાં વેપારીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતાં તેમજ રાજયકક્ષાનાં મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને પૂર્વ ચેરમેન પી.પી.સોજીત્રા દ્વારા ઉપસ્થિત મહાનુભવો અને માર્કેટયાર્ડનાં વેપારીઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી અને આત્મનિર્ભર ભારત માટે 'હર ઘર સ્વદેશી–ઘર ઘર સ્વદેશી' નો સંકલ્પ લેવાયો હતો.

### સ્વ. ડોલરભાઈ દવેનાં દિકરા જીતેન્દ્રભાઈ દવેનાં આંગણે

## અમરેલીનાં આંગણે રવિવારે દવે પરિવારની લાડલી ચિ.શ્રૃતિનો લગ્નોત્સવ

### ચિ. આયુષ મહેતા સાથે લગ્નગ્રંથીથી જોડાશે



અમરેલી, તા. ૧૭

કુંકાવાવનાં ભાજપ અગ્રણી સ્વ. ડોલરભાઈનાં દિકરા જીતેન્દ્રભાઈ દવે અને અ.સૌ. માધવીબેન દવેની લાડલી દિકરી ચિ. શ્રુતી આગામી રવિવારને ૨૩ નવેમ્બરનાં રોજ અમરેલીની સુપ્રસિધ્ધ લોર્ડસ હોટલ ખાતે અ.સૌ. પારૂલબેન અને શ્રી વિમલભાઈ મહેતાનાં દિકરા ચિ. આયુષ સાથે લગ્ન ગ્રંથીથી જોડાશે

### શ્રમ અને પાલિકા વિભાગ દ્વારા

## અમરેલીમાં બાળમજુરી નાબુદી ઝુંબેશ શરૂ કરાઈ

### યશોદાનગરમાંથી બાળમજુરી ઝડપાઈ

અમરેલી,તા.૧૭

સરકારી શ્રમ અધિકારી તથા બાળ અને તરૂણ શ્રમિક (નિયમન અને પ્રતિબંધ)ના નિરીક્ષક એમ.એચ.પરમાર, તથા અમરેલી નગરપાલિકાના શોપ ઈન્સ્પેકટર કે.એન.કાબરીયા સહિતની ટીમ આજે બપોરનાં ૧૨:૫૫ કલાકે દરમ્યાન બાળમજુરી નાબુદી ઝુંબેશ હેઠળ જુદી–જુદી જગ્યાઓએ પડેલા દરોડા દરમિયાન અમરેલી લાઠી રોડ ઉપર ફાટક પાસે આવેલ શ્રીજી પાન પાર્લર નામની સંસ્થાનાં માલીક હર્ષદસિંહ વિરેન્દ્રસિંહ ચૌહાણે અમરેલીનાં પાઠક સ્કુલ પાસે આવેલ યશોદા નગરમાં રહેતા એક આશરે ૧૨ થી ૧૬ વર્ષનાં બાળકને ગેરકાયદેસર કામે રાખી નિયત વેતન કરતા અપુરતું વેતન આપીને વધુ કલાકો કામ કરાવીને શોષણ કરી કામે રાખેલ હતા. તપાસ દરમ્યાન બાળકનાં ઉમરના પુરાવા માંગતા તેનં આધારકાર્ડ રજુ કરેલ હતું.

બાળકને પુછપરછ કરતા તેઓને ચા દેવા તથા વસ્તુ લેવા દેવાનું કામ કરાવતા હતા. આ બાળકને આરોપીના કબ્જામાંથી મુકત કરાવી બાળ સંરક્ષણ ગૃહ, અમરેલીને સુપ્રત કરવામાં આવેલ હતો. આરોપીએ આ બાળકને ગેરકાયદેસર કામે રાખી બાળ મજુરી કરાવી ગુનો આચરેલ હોય, બાળ અને તરૂણ શ્રમિક (પ્રતિબંધ અને નિયમન) કાયદો ૧૯૮૬ ની કલમ–૩ તથા સુંદર કાયાદની કલમ–૧૪(૧) મુજબ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી સીટી પોલીસમાં સરકારી શ્રમ અધિકારી તથા બાળ અને તરૂણ શ્રમિક (નિયમન અને પ્રતિબંધ) ના નિરીક્ષક એમ.એચ.પરમારે ફરિયાદ નોંધાવી છે.

### કાયદો અને વ્યવસ્થા જાળવવા

## રાજુલાનાં માથાભારે ઈસમ વિરૂધ્ધ તડીપારની કાર્યવાહી

### ૪ જિલ્લામાંથી તડીપાર કરાયા



અમરેલી, તા. ૧૭

રાજુલા પો.ઈન્સ. એ.ડી. ચાવડા દ્વારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા પ્રસ્થાપિત કરવાં સારૂ રાજુલાના તત્વ જયોતિ વિસ્તારમાં રહેતાં રવિ શાંતિભાઈ ચૌહાણ નામનાં ઈસમ સામે શરીર સંબધી તથા મિલ્કત સંબધી તથા પ્રોહિબીશન લગત ગુન્હાઓ આચરતા તે માથાભારે ઈસમ વિરૂધ્ધ પાસા તથા તડીપારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને તડીપારની દરખાસ્ત તૈયાર કરી સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ ડો. મેહુલ બારાસરાને મોકલી આપવામાં આવેલ હતી. જે દરખાસ્ત મંજુર કરવામાં આવતા આરોપીને અમરેલી, ભાવનગર, રાજકોટ સહિત ચાર જિલ્લામાંથી ત્રણ મહિના તડીપાર કરેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અમરેલી ખાતે જીઈબી એન્જીનિયર્સ એસો. દ્વારા ઉર્જામંત્રી કૌશિક વેકરીયાનો સત્કાર સમારંભ યોજાયો

અમરેલી, તા. ૧૭

જીઈબી એન્જીનિયર્સ એસોસીએશન ધ્વારા અમરેલી ખાતે કૌશિકભાઈ વેકરીયા, મંત્રી ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ કાયદો અને સાંસદીય બાબતોનો અભિનંદનવમાં સત્કાર સમારંભ યોજવામાં આવેલ હતો.સમારોહમાં ભરતભાઈ સુતરીયા, સાંસદ સભ્ય, અમરેલી મહેશભાઈ કસવાલા ધારાસભ્ય સાવરકુંડલા, લીલીયા અને જનકભાઈ તળાવીયા ધારાસભ્યઘ લાઠી–બાબરા દામનગર વિશેષ ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમમાં મેહુલભાઈ ધોરાજીયા, દિપકભાઈ વઘાસીયા, મૌલિકભાઈ ઉપાધ્યાય અને અનિલભાઈ વેકરીયા હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆત મહેમાનો ધ્વારા દિપ પ્રાગટય અને નિત્યશુધ્ધાનંદ સરસ્વતી સ્વામીના અભિનંદન સાથે કરવામાં આવેલ. અતિથિગણનું સ્વાગત સ્વાગત વિશિષ્ટ પ્રકારે ખાસ પેઈન્ટ કરેલ ચકલીઘર ધ્વારા કરવામાં અવેલ. કાર્યક્રમમાં જીઈબી એન્જીનિયર્સ એસોસીએશન ધ્વારા કરવામાં આવતી વિવિધ સોશીયલ એકટીવીટીની માહિતી સાથે શોર્ટ ફિલ્મ દર્શાવવામાં આવેલ. જીઈબી ઓયજીત ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરીયાના આ સમારંભમાં ગુજરાભરમાંથી PPGVCL4UGVCL4 MGVCL4DGVCL4GETCO4GSECL તમામ કંપનીઓના આશરે ૫૦૦ઈજનેરો હાજર રહેલ.ગુજરાત એનર્જી ટ્રસ્ટસમીશન કોર્પોરેશન લિમિટેડ GETCO ની ગોંડલ, જામનગર, સુરેન્દ્રનગર, જુનાગઢ, અંજાર અને અમરેલી વર્તુળ કચેરીઓ ધ્વારા મંત્રીનું વૈવિધ્ધપૂર્ણ વર્તુળ કચેરી પ્રમાણે સન્માન કરવામાં આવેલ હતું. પશ્વિમગુજરાતવિજ કંપનીલિમિટેડ PGVCL નોતમામ વર્તુળ કચેરીઓ ભુજ, અંજાર, જુનાગઢ , મોરબી, રાજકોટ, પોરબંદર, બોટાદ,



ભાવનગર, સુરેન્દ્રનગર અને અમરેલી ધ્વારા વિસ્તાર–પ્રદેશ મુજબ ખાસ કાયલિત ભેટથી માનનીય મંત્રીનું વિધિવાતાબર વર્તુળ કચેરી પ્રમાણ સન્માન કરવામાં આવેલ હતું. મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જીઈબી એન્જીનિયર્સ એસોસીએશનસોશીયલએકટીવીટીનેબિરદાવી હતી. તેમજ ઈજનેરોના પ્રયાનોના સુખડ નિરાકરણ માટે તત્ધરતા સાથે કટીબૃધ્ધતા દાખરેલ તેમજ આયોજક ને સફળ આયોજન બદલઅભિનંદન પાઠવેલ. જીઈબી કોર કમિટી માંથી ગુજરાત ઉર્જા સંકલન સમિતિ, કાર્યકારી અધ્યક્ષ બી. એમ . શાહ ઈન્ચાર્જ સેક્રેટરી જનરલએમ.જી. વધાસીયા સેક્રેટરી વાઈસ પ્રેસીડેન્ટ GSECL એ.બી.પ્રજાપતિ વાઈસ પ્રેસીડેન્ટ લીગણ એન્ડ ઓર્ગેનાઈઝેશન એમ.ડી.પટેલ જનરલ સેક્રેટરી DGVCL એ.બી. નાકરાણી અતિથિ વિશેષ તરીકે ખાસ હાજર રહેલ હતા. સંપૂર્ણ કાર્યક્રમ ખૂબજ સુંદર અને આયોજનસાથ રીતે ભોજન સમારંભ બાદ પરીપૂર્ણ થયેલ. કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન એમ.એમ. કડાછા જનરલ સેક્રેટરી PGVCL અને ઝોનલ સેક્રેટરી એન.એમ. ભવાણી સર્કલ સેક્રેટરી બી.બી. પટેલ પૂર્વ સર્કલ સેક્રેટરી કે.બી. ધોંકડયા તથા ટીમ જીઈબી ધ્વારા કરવામાં આવેલ

## શાખાનાં પુષ્પો

ગામડામાંથી ભાવનગર કોઈ કામ માટર આવેલા બાપ દીકરા થાકીને એક બોરડીના ઝાડ નીચે બેઠા હતા. દીકરાને ભૂખ લાગી હોવાથી તે પિતાને કંઈક લાવી આપવા કહે છે. પિતા પાસે પૈસા ન હોવાથી તે પથ્થર લઈ બોરડી ઉપર ઘા કરે છે. બોર નીચે તો પડે છે પરંતુ બીજી બાજુ કચેરી ભરીને બેઠેલા રાજા ઉપર પથ્થર પડવાથી લોહીની ધાર થાય છે. એક બાજુ ખોબો ભરીને બોર મળવાથી બાપ–દીકરો રાજી થાય છે તો, બીજી બાજુ હો.. હા.. થઈ જાય છે. પથ્થર મારનારને પકડીને કચરરીમાં હાજર કરવામાં આવે છે. એની હકીકત જાણી રાજા તેને ખોબો ભરીને રૂપિયા આપવાનું કહે છે. તેનું કારણ પૂછતા રાજા કહે છે કે જો પથ્થર વાગવાથી બોરડી


સુવાસ શ્રી અર્જુન ગઢિયા

ખોબો ભરીને બોર આપતી હોય તો હું તો ભાવનગરનો રાજા છું મારે તો કંઈક આપવું જોઈએ ને ? આ રાજા એટલે ભાવનગરના મહારાજા કૃષ્ણ કુમાર સિંહજી.

**સોડમ :** જીવન વૃક્ષ જેવું પરોપકારી હોવું જોઈએ. જર પથ્થરના બદલામાં પણ મીઠા ફળ આપે છે.

# સાવરકુંડલા ખાતે માનવ સેવા ટ્રસ્ટ દ્વારા ૫ હજાર જેટલા ગરીબોને ધાબળા વિતરણ





સાવરકુંડલા સ્થિત સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટ દ્વારા માનવતાની અનોખી જયોત પ્રગટાવતો એક ભવ્ય અને પ્રેરક કાર્યક્રમ યોજાયો હતો. દર વર્ષની પોતાની ઉમદા પરંપરાને જાળવી રાખીને, આ વર્ષે પણ પાંચ હજાર (૫,૦૦૦) થી વધુ અતિ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને શિયાળાની આકરી ઠંડીથી રક્ષણ પૂરૂં પાડવા માટે વિના મૂલ્યે ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દર વર્ષની પરંપરાનું પાલન અને માનવસેવાને સમર્પણ શિયાળાની આકરી ઠંડીની શરૂઆત થતાં જ, ટ્રસ્ટ દ્વારા ગરીબ અને નિરાધાર લોકોને ઠંડી સામે આવશ્યક રક્ષણ મળી રહે તેવા શુભ આશયથી ૫,૦૦૦ થી વધુ ઉચ્ચ ગુણવત્તાના ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્યક્રમે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું હતું. આ પવિત્ર સેવાયજ્ઞનું આયોજન પીન્ટુભાઈ મલેકના નિવાસસ્થાને, નેરા વિસ્તાર, સાવરકુંડલા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંતો – મહંતો, સાદાતો તેમજ શહેરના અગ્રણીઓ, રાજકીય અને સામાજિક આગેવાનો અને અઢારે વરણના ધર્મપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા અને સેવા કાર્યમાં પોતાની અમૂલ્ય હાજરી આપીને ધન્યતા અનુભવી હતી. આ ભવ્ય માનવસેવાના કાર્યક્રમને સફળ બનાવવામાં સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ પીન્ટુભાઈ મલેક અને ઉપપ્રમુખ ઈરફાનભાઈ ગોરી – રાજુલા (પત્રકાર) તેમજ સમગ્ર ટીમ એ વિશેષ જહેમત ઉઠાવી હતી.આ ઉપરાંત, ટ્રસ્ટ દ્વારા વરસાદથી રક્ષણ માટે તાલપત્રીનું વિતરણ અને અન્ય સેવાકીય કાર્યો પણ નિયમિતપણે કરવામાં આવે છે. પ્રમુખ પીન્ટુભાઈ મલેકે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, 'અમને આનંદ છે કે અમે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૫,૦૦૦ થી વધુ ગરીબ પરિવારોને ધાબળા વિતરણ કરીને તેમની સેવા કરી શકયા છીએ. માનવસેવા એ જ અમારી નમ્ર વિનંતી છે. આ કાર્યને સફળ બનાવવા માટે જેઓએ પણ સાથ – સહકાર આપ્યો છે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.' વધુમાં, કાર્યક્રમમાં પધારેલા તમામ લોકો માટે ટ્રસ્ટ દ્વારા બટુક ભોજન (સમુહ ભોજન) ની ઉત્તમ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ ભવ્ય આયોજન સાવરકુંડલામાં માનવતા અને સેવાભાવના ઉત્તમ ઉદાહરણ તરીકેયાદગાર બની રહ્યું છે, જેણે સમાજમાં સકારાત્મક સંદેશ ફેલાવ્યો છે.

## ઘણા મહિનાઓથી વાહનચાલકો હાડકાતોડ માર્ગોથી પરેશાન

# બાબરા : આંબલીધારથી લોનકોટડા અને ચરખાથી ચમારડી માર્ગ બિસ્માર

ગ્રામ્ય વિસ્તારનાં વાહનચાલકોને બાબરા, રાજકોટ અવરજવર કરવામાં પરેશાની

અંદાજિત ૨૦ કિ.મી.નાં માર્ગમાં આવતાં ૨૦ ગામનાં વાહનચાલકો પરેશાન

રાત્રિનાં સમયે વાહનચાલકોને ધીમી ગતિએ જ વાહન ચલાવવુ પડે તેવી સ્થિતિ

માર્ગ–મકાન વિભાગ દ્વારા યુદ્ધનાં ધોરણે માર્ગની મરામત કરવામાં આવે તેવી માંગ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૭

બાબરા તાલુકાના આંબલીધારથી લોનકોટડા તરફ જતા ગ્રામ્યવિસ્તારના ગામડાઓ આશરે ૨૦ કિલોમીટરનો માર્ગ દરેક ગામના માર્ગો અતિ બિસ્માર બનતા આઠ દસ જેટલા ગામના લોકોને અવરજવર કરવામાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડે છે. તેમજ ઈમરજન્સી વેળા ખુબજ મુશ્કેલીઓ વેઠી માર્ગ પસાર કરવામાં આવે છે. અહીં ચરખાથી ચમારડી તરફ જવાનો માર્ગ પણ ખુબ જ બિસ્માર બન્યો છે. અહીં વાવડી, કુંવરગઢ , વલારડી, વાલપુર ગામના લોકોને રાજકોટ જવા માટે ચરખા, ચમારડીનો માર્ગ પર પસાર થાય છે પણ માર્ગ અતિ બિસ્માર અને હાડકા ખોખલા થઈ જાય તેવો હોવાથી ઉપરોકત ગામના લોકો ના છૂટકે ચમારડી વાયા બાબરા થઈ રાજકોટ જવાનું પસંદ કરે છે જે ખૂબ દૂર થાય છે. તેમ છતાં સારો માર્ગ હોવાથી લોકો વાયા બાબરા તરફ ચાલી રાજકોટ જાય છે વળી ચરખા–ચમારડી માર્ગમાં આવેલ કોઝવે પણ બિસ્માર બન્યાં છે.

આવી જ રીતે અહીં રાજકોટ–ભાવનગર સ્ટેટ રોડને જોડતો આંબલીધાર–લોનકોટડા ૨૦ કિલોમીટરનો માર્ગ પણ ખુબ જ નબળો પડી ગયો છે. માર્ગમાં મસ મોટા ખાડા અને સાઈડ ધોવાય જવાથી અકસ્માત સર્જાવાની ભીતિ વાહનચાલકોને સતાવી રહી છે. રાત્રી વખતે આ માર્ગ પર પસાર થવું એટલે ખૂબ જોખમ ભર્યું હોય. અહીં

અનુસંધાન પાના ૬ ઉપર

## શિયાળાની કડકડતી ઠંડીની શરૂઆત

# અમરેલીમાં સૌપ્રથમ વખત તાપમાનનો પારો ૧૧.૪ ડીગ્રી જેટલો નીચે આવી ગયો

નાના ભુલકાઓ રંગબેરંગી ગરમ કપડા સાથે શાળાએ જતા જોવા મળ્યા



અમરેલી, તા. ૧૭

અમરેલીશહેર સહિત સમગ્ર જિલ્લામાં શિયાળાની કડકડતી ઠંડીની શરૂઆત થવા પામેલ છે. ત્યારે અમરેલીમાં આજે સૌપ્રથમ વખત તાપમાન ૧૧.૪ ડિગ્રી જેટલું નીચે આવી જતાં લોકોએ પ્રથમ વખત આજે ચાલું શિયાળામાં ગુલાબી ઠંડીનો અનુભવ કર્યો હતો.

આજે સવાર સવારમાં બાળકો તથા યુવાનો સ્કૂલ કોલેજ જતા હતાં ત્યારે આજની ગુલાબી ઠંડીમાં નવા નવા રંગબેરંગી ગરમ કપડાં પહેરી સ્કૂલ જતા જોતાં મળ્યા હતા. તો બીજી તરફ સવારે માર્નિંગ વોકમાં નીકળેલા લોકોએ પણ શિયાળાની પ્રથમ ઠંડીની મોજ માણતા જોવા મળ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લાની ભૌગોલિક પરીસ્થિતિ જ કંઈ એવી છે કે, અમરેલી જિલ્લામાં સૌથી વધારે ગરમી પડે છે, સૌથી વધુ વરસાદ અને ઠંડી પણ પ્રમાણમાં વધારે પડતી હોય છે. ડિસેમ્બર મહિનામાં અહીંનું સામાન્ય રીતે લઘુતમ તાપમાન ૬ થી ૮ ડીગ્રી સે. થઈ જાય છે.

આજની તારીખે અમરેલીનું લઘુતમ ૧૧–૪ ડીગ્રી નોંધાયું હતું. જયારે ગીરકાંઠાના ધારી ગામે ૧૪ ડીગ્રી નોંધાયું છે. હજુ તો ઠંડીની શરૂઆત થવા જઈ રહી છે. ત્યારે ચાલું શિયાળાનો અસલી રંગ હવે પછી જોવા મળશે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,12,100/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ–૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


## માર્ગ–મકાન વિભાગ દ્વારા અંદાજીત ૯.૫ કરોડનાં ખર્ચે

# અરે વાહ : કુંકાવાવથી દેરડી તરફ જતાં સ્ટેટ હાઈવેની નવિનીકરણની કામગીરી શરૂ કરવામાં આવી

માર્ગ સુવિધા વધવાથી પરિવહન કરનારમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧૬

માર્ગ અને મકાન વિભાગ–રાજય અંતર્ગત અમરેલી જિલ્લાના કુંકાવાવ ગામ તથા કુંકાવાવથી દેરડી તરફ જતા સ્ટેટ હાઈ–વે માર્ગ સુધારણા અને નવીનીકરણની કામગીરી ઝડપભેર આગળ ધપી રહી છે. કુંકાવાવ ગામ તથા આજુબાજુના વિસ્તારોમાં વાહન અવરજવરને વધુ સુગમ બનાવવા માટે અંદાજે કુલ રૂ. ૯.૫૭ કરોડના ખર્ચે નવા સી.સી. રોડનું નિર્માણ તથા ખરાબ થયેલ ડામર રોડ પર રિસરફેસીંગનું કામ હાથ ધરવામાં આવ્યુ છે, જે હવે પૂર્ણતા તરફ છે.

આ કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થયેથી કુંકાવાવ સહિતના આસપાસના ગામોમાં નવી રોડ સુવિધાના લીધે પરિવહન સુવિધા વધુ આરામદાયક અને સુરક્ષિત બનશે. ઉપરાંત વરસાદી ઋતુમાં પાણી ભરાવાની સમસ્યાનો ઉકેલ પણ આવશે તેમજ વાહન વ્યવહારમાં સરળતા આવશે. વેપાર તથા કૃષિ સંબંધિત માલસામાનની અવરજવર માટે પણ આ નવો માર્ગ મહત્વપૂર્ણ સાબિત થશે. શાળા–કોલેજના વિદ્યાર્થીઓ, દૈનિક મુસાફરી કરતા લોકો તથા ઈમરજન્સી સેવાઓ (જેમ કે એમ્બ્યુલન્સ, ફાયર સેવા) વધુ ઝડપી બનશે.





ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પૂરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી–૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)